અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ ચોથ | અંક : ૧૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### દેશમાં સૌથી વધુ ઘૂળિયા શહેરોમાં અમદાવાદનો સમાવેશ

। નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હી-એનસીઆરનું પ્રદૂષણ કોઈનાથી છુપાયેલું નથી રહ્યું. પરંતુ શું તમે જાણો છો કે ભારતના કયા શહેરમાં સૌથી વધુ ધૂળ છે જેના કારણે લોકોને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે? આ શહેર દિલ્હી નહીં પણ ગુજરાતનું અમદાવાદ શહેર છે. આઈઆઈટીદિલ્હી અને આઈઆઈટીકાનપુરના સંશોધકો દ્વારા કરવામાં આવેલી એક સ્ટડીમાં આ વાત સામે આવી છે. આ સ્ટડી પ્રમાણે ભારતના પાંચ રાજ્યોની દેશના કુલ ધૂળ ઉત્સર્જનની ૬૦% હિસ્સેદારી છે.

### ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૪૩ નવા કેસ

। નવી દિલ્હી, તા.૩૦ ।

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસે ફરી એક વખત ઉથલો માર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૪૩ નવા કેસ નોંધાતા એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૩,૯૯૭ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે શુક્રવારે કોરોનાના કારણે ૭ લોકોના મોત થઈ ગયા હતા.

### ભારતના વૈજ્ઞાનિકોની તબિબ ક્ષેત્રે મોટી સફળતા

# ભારતમાં કેન્સર માટેની પ્રથમ સીરપ તૈયાર કરાઈ

## ટાટા મેમોરિયલ હોસ્પિટલ એન્ડ એડવાન્સ્ડ સેન્ટર ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ એજ્યુકેશનઈનકેન્સરનીશોધ, બ્લડકેન્સરનાદર્દીઓમાટેઆદવાક્રાંતિલાવીશકેછે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતના વૈજ્ઞાનિકોએ કેન્સર દર્દીઓ માટે પ્રથમ સીરપ તૈયાર કરવામાં સફળતા મેળવી લીધી છે. તેનું નામ પ્રીવેલ રખાયું છે. શું આ કફ સીરપ બની જવાથી અત્યંત પીડાદાયક કીમોથેરેપીથી મુક્તિ મળી જશે? એ એક મોટો સવાલ છે. ટાટા મેમોરિયલ હોસ્પિટલ એન્ડ એડવાન્સ્ડ સેન્ટર ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઈન કેન્સર (એસ્ટ્રેક) એ કેન્સર દર્દીઓની સારવાર માટે ભારતની આ પહેલી સીરપ (ઓરલ સસ્પેન્શન) તૈયાર કરવામાં સફળતા મેળવી હતી. કીમોથેરેપીમાં વપરાતી આ દવા (૬- મર્કેપ્ટોપ્યૂરિન કે પછી ૬-એમપી) નું નામ પ્રીવેલ રખાયું છે. એસ્ટ્રેકના ડૉક્ટરોએ બેંગ્લુરુની આડીઆરએસલેબ્સના સહયોગથી આ દવા તૈયાર કરી હતી. બ્લડ કેન્સરના દર્દીઓ માટે આ દવા ક્રાંતિ લાવી શકે છે. ખાસ કરીને બાળકોની કેન્સરની સારવારમાં પરંપરાગત ટેબલેટ માટે આ અસરદાર વિકલ્પ બની શકે છે. મર્કેપ્ટોપ્યૂરિનનો ઉપયોગ તમામ પ્રકારના કેન્સરની સારવારમાં થાય છે. આ એન્ટીમેટાબોલાઈટ્સ નામની દવાઓના વર્ગ સાથે સંકળાયેલો છે જે કેન્સરના કોષોને વધતાં અટકાવે છે.



**પ્રીવેલને દવા નિયામક સીડીએસસીઓ દ્વારા માન્યતા મળી ગઇ**

આપણે જ્યારે કેન્સરની સારવાર વિશે વિચારીએ છીએ તો પહેલી વસ્તુ ધ્યાનમાં આવે છે એ છે કીમોથેરેપી. કેન્સરમાં કીમોથેરેપી ફરજિયાત રીતે આપવામાં આવતી એક સારવાર છે જેમાં દવાઓની મદદથી કેન્સરના કોષોને ઝડપથી નષ્ટ કરાય છે. કીમોથેરેપીમાં સામાન્ય રીતે રેડિયોથેરેપી, સર્જરીથી ટ્યુમરને હટાવવા, લક્ષિત દવાઓ વગેરે સામેલ છે. કીમો મોટાભાગે ઈન્ટ્રાવેનસ (નસના માધ્યમથી લોહીમાં) ઈન્જેક્શન તરીકે અને ક્યારેક ક્યારેક મોં વાટે લેવાતી દવાઓ તરીકે અપાય છે. કેન્સરની સારવાર માટે પહેલીવાર ૧૯૪૦માં કીમોથેરેપી અપાઈ હતી. હવે નવી સીરપ મળી જતાં લોકોને નસ દ્વારા અપાતી કીમોથેરેપીથી મુક્તિ મળી શકે છે. એટલે કે હવે તેમાં પીડા કે અસહજતાની સ્થિતિ પેદા નહીં થાય. હજુ તેની કિંમત વિશે ખુલાસો નથી કરાયો પણ અપેક્ષા મુજબ તેની કિંમત ઓછી હશે.

### જો બાઈડન પર વધી રહી છે ભીંસ

# ડિસેમ્બરમાં મેક્સિકો બોર્ડર પરથી ૨.૨૫ લાખ ઈમિગ્રન્ટ્સ પકડાયા

## મેક્સિકો બોર્ડર પરથી જે ઈમિગ્રન્ટ્સ પકડાયા હતા તેમાંના ૬૦ ટકા ટક્સન, એરિઝોના, ડેસ રિયો અને ટેક્સાસ સેક્ટર્સમાંથી અમેરિકામાં પ્રવેશ્યા હતા

। અમદાવાદ, તા.૩૦ ।

અમેરિકાના પ્રમુખ જો બાઈડન હવે બોર્ડર ક્રોસ કરીને આવતા ઈમિગ્રન્ટ્સના પ્રવાહને નિયંત્રિત કરવા માટે મથી રહ્યા છે, ત્યારે ડિસેમ્બર ૨૦૨૩માં મેક્સિકો બોર્ડર પરથી પકડાયેલા લોકોના આંકડાએ એક નવો જ રેકોર્ડ બનાવ્યો છે. અમેરિકન ન્યૂઝ ચેનલના એક રિપોર્ટ પ્રમાણે ડિસેમ્બરના ૨૭ દિવસમાં મેક્સિકો બોર્ડર પરથી સવા બે લાખથી પણ વધુ લોકો પકડાયાં છે, જે અત્યારસુધીનો સૌથી મોટો આંકડો છે. એક રિપોર્ટ અનુસાર, મેક્સિકો બોર્ડર પરથી જે ઈમિગ્રન્ટ્સ પ કડાયા હતા તેમાંના ૬૦ ટકા ટક્સન, એરિઝોના, ડેસ રિયો અને ટેક્સાસ સેક્ટર્સમાંથી અમેરિકામાં પ્રવેશ્યા હતા. આ પોઈન્ટ્સ પર હાલ પણ રોજના ત્રણેક હજાર લોકો બોર્ડર ક્રોસ કરતાં પકડાય છે. ટેક્સાસ તેમજ એરિઝોનાને અડતી બોર્ડર પર ઘણી જગ્યાએ સેંકડોની સંખ્યામાં માઈગ્રન્ટ્સ પોલીસની રાહ જોતાં બોર્ડર બેરિયર્સ તેમજ બ્રિજ પાસે પડ્યા રહે છે. ઓછા સ્ટાફને કારણે આ માઈગ્રન્ટ્સને પ્રોસેસ કરવા માટે બોર્ડર પેટ્રોલ પર કામનો બોજ ખૂબ જ વધી ગયો છે. હોમલેન્ડ સિક્યોરિટીના ડેટાને ટાંકતા CBSએ જણાવ્યું હતું કે બોર્ડર પેટ્રોલ એજન્ટ્સે ૨૦૨૩ના વર્ષના છેલ્લા મહિનામાં રેકોર્ડ સવા બે લાખ લોકોને કસ્ટડીમાં લીધા હતા,

**એજન્ટ્સે ૨૦૨૩ના છેલ્લા મહિનામાં સવા બે લાખ લોકોને કસ્ટડીમાં લીધા : CBS**

**કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન એટલે કે CBPના એક નિવેદન અનુસાર માઈગ્રન્ટ્સને ઝડપ થી પ્રોસેસ કરવા માટે અમુક સેક્ટર્સમાં વધારાનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. હાલના દિવસોમાં બોર્ડરને અડીને આવેલા નાના ટાઉન્સમાં પણ ઈમિગ્રન્ટ્સને કારણે સ્થિતિ સંભાળવી મુશ્કેલ બની રહી છે, જેમાં ટેક્સાના ઈગલ પાસ, કેલિફોર્નિયાના જાકુમ્બા હોટ સ્પ્રિંગ્સ, એરિઝોનાના લ્યૂકવિલેનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળો પર ટ્રમ્પ વોલ ઉપરાંત રેઝર વાયર્સ સહિતના બેરિયર્સ લગાવવામાં આવ્યા છે.**



## ન્યૂઝ બ્રિફ

### સૌરાષ્ટ્રમાં ઘરફોડ ચોરીના રીઢા ગુનેગારોની ટોળકી ઝડપાઇ

। જામનગર, તા.૩૦ ।

જામનગર સહીત સૌરાષ્ટ્રમાં ઘરફોડ ચોરીનો તરખાટ મચાવનાર રીઢા ગુનેગારો ની ટોળકીનાં ત્રણ સભ્યોને જામનગરની એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે અને તેમની પાસેથી અડધા લાખની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. જામનગર એસ.પી. કચેરી ખાતે જિલ્લા પોલીસવડાએ પત્રકાર પરિષદમાં વિગતો આપી હતી. જામનગર જિલ્લાના લાલપુર, કાલાવડ અને તાલુકાના બે ગામ સહિત જામનગર જિલ્લાની ચાર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડની એક મળી કુલ પાંચ ઘરફોડ ચોરીનો ગુનાંના આરોપીઓ ફરાર હતા. જેને શોધી કાઢવા માટે પોલીસ દ્વારા તપાસ ચલાવાઈ રહી હતી દરમિયાન જામનગર એલસીબીને બાતમી મળી હતી, કે રીઢા ગુનેગારોની તસ્કર ગેંગનાં ત્રણ સભ્યો જામનગર નજીક દરેડ ગામ વિસ્તારમાં છે. આથી એલ.સી.બી.ની પોલીસ ટુકડી દોડી ગઈ હતી, અને ભરત ગંભીરભાઈ પરમાર, રણજીત ઉર્ફે બાડીયો રામજીભાઈ પરમાર, અને અર્જુન ભગવાનભાઈ ઉર્ફે ભગાભાઈ વાઘેલાને ઝડપી પાડ્યા હતા. આ ત્રણેય આરોપીઓના કબજામાંથી રૂપિયા ૫૦,૫૦૦ ની રોકડ રકમ, ત્રણ નંગ મોબાઈલ અને એક બાઈક તથા ચકી પાનું અને ડીસમિસ વગેરે કબ્જે લેવામાં આવ્યા હતા.

### કડી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ફેંકવાની ઘટના સામે આવી

। કડી, તા.૩૦ ।

મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ફેંકવાની ઘટના સામે આવી છે. ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ફેંકવાને લઈ સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. પશુઓ અને સ્થાનિક લોકો માટે જોખમી કેમિકલ વેસ્ટ ફેંકવામાં આવ્યો છે. કેમિકલ વેસ્ટ ખુલ્લામાં ફેંકવાને લઈ હવે GPCB સામે પણ પણ સવાલો થવા લાગ્યા કડીના ઈન્દ્રાડથી રાજપુર રોડ પર ખુલ્લામાં કેમિકલ વેસ્ટ ફેંકવામાં આવ્યો છે. આ વિસ્તારમાં આવેલી કેમિકલ ફેક્ટરીઓ સામે અનેકવાર ફરિયાદો ઉઠવા છતાં પણ તંત્ર દ્વારા નિયંત્રણના યોગ્ય પગલા હાથ ધરાતા નથી. ત્યા આ વિસ્તારમાં કેમિકલ વેસ્ટરને ખુલ્લામાં જ ફેંકવાની ઘટના સામે આવી છે. જેને લઈ સ્થાનિક લોકોનો રોષ ભડક્યો છે. મહેસાણા GPCB કચેરીની કામગીરી સામે પણ હવે સવાલો ઉઠવા લાગ્યા છે.

# નોકરીમાંથી કાઢી મૂકેલા બે કર્મચારીઓએ બોસને ફસાવ્યા

## પોતાના બોસને પાઠ ભણાવવા કંપનીના બે કર્મચારીઓએ તેના નગ્ન ફોટા અને વીડિયો વાયરલ કર્યા હતા

। વડોદરા, તા.૩૦ ।

ગુજરાતના વડોદરામાં હની ટ્રેપનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં પોતાના બોસને પાઠ ભણાવવા તેની જ કંપનીના બે કર્મચારીઓએ તેના નગ્ન ફોટા અને વીડિયો વાયરલ કર્યા હતા. આ મામલે હવે કાર્યવાહી થઈ રહી છે.

બોસ અને કર્મચારીઓ વચ્ચે હવે નારાજગી રહેવાની છે પણ બોસને પાઠ ભણાવવા માટે તેમની કંપનીના બે કર્મચારીઓએ કંઈક એવું કર્યું જેનાથી તેમની રાતોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. મામલો ગુજરાતના વડોદરાનો છે. જ્યાં સોફ્ટવેર કંપનીના બોસના ત્રાસથી એક પુરુષ અને મહિલા કર્મચારીએ નોકરી છોડી દીધી હતી. નોકરી છોડ્યા બાદ બંનેએ આ અંગેનો બદલો લેવાનું નક્કી કર્યું. બંનેએ તેમને હની-ટ્રેપમાં ફસાવીને તેમના ફોટા પાડી તેમના સંબંધીઓ અને તેમની પત્નીને મોકલ્યા હતા. ત્રણ મહિના સુધી આ બધું સહન કર્યા બાદ પીડિત બોસે પોલીસને મામલાની જાણ કરી હતી. આખરે પોલીસે આ કેસમાં ૨ પૂર્વ કર્મચારીની ધરપકડ કરી છે.

ત્રણ મહિના સુધી પરેશાન થયા બાદ પીડિત બોસે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. ૧૦ દિવસ પહેલાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બે આરોપીઓને પણ શોધી કાઢ્યા છે જેઓ તેમને બ્લેકમેલ કરતા હતા. કેસની માહિતી આપતા પોલીસે કહ્યું કે બોસના ત્રાસથી નારાજ થઈને તેમની કંપનીના બે લોકોએ આ પ્લાન બનાવ્યો હતો. નોકરી છોડ્યા બાદ બંનેએ મહિલાના નામે નકલી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું હતું. બંનેએ ચાર મહિના પહેલાં બોસ સાથે ચેટ કરવાનું શરૂ કર્યું હતું. બંનેએ એકાઉન્ટમાંથી તેમની સાથે અશ્લીલ ચેટિંગ શરૂ કરી હતી. પીડિત બોસને લાગ્યું કે કોઈ મહિલા તેની સાથે ચેટ કરી રહી છે. બંને આરોપીઓએ બોસને વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલા કેટલાક નગ્ન ફોટોગ્રાફસ પણ મોકલ્યા હતા અને સામે તેમના ફોટોગ્રાફ માગ્યા હતા. આ એમનો પ્લાન હતો અને બોસ એમની જાળમાં ફસાઈ ગયા હતા. જેવા એકાઉન્ટમાં નગ્ન ફોટા આવ્યા તુરંત જ બંનેએ આ એકાઉન્ટને બંધ કરી દીધું હતું. થોડા દિવસો પછી, બંનેએ તેમના નગ્ન ફોટા અને ચેટ સ્ક્રીનશોટ બોસના ઈમેલ પર મોકલ્યા હતા. તેઓ જાણતા જ નહોતા કે તેઓ હનીટ્રેપનો ભોગ બન્યા છે. બંને આરોપીઓએ ફર્મના એચઆર વિભાગને આ ઈમેલ મોકલ્યો હતો. બંને અહીંયાં પણ ન અટક્યા. તેઓએ તેમની તસવીરો અને ચેટ્સ તેમની પત્નીને પણ મેઈલ કરી હતી. આટલું જ નહીં ફોટોગ્રાફસની પ્રિન્ટઆઉટ કાઢીને સ્પીડ પોસ્ટ દ્વારા તે ઓફિસમાં મોકલવામાં આવી હતી જ્યાં બોસની પત્ની કામ કરતી હતી. જ્યારે આ સિલસિલો બંધ ન થયો તો બોસે ના છૂટકે પોલીસ પાસે જવાનું વિચાર્યું. તેમણે સાયબર ક્રાઈમનો સંપર્ક કરવાનું નક્કી કર્યું. જ્યાં આઈપી એડ્રેસ દ્વારા બંનેને ટ્રેસ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ કોર્પોરેટ દુશ્મનીનો મામલો છે. હવે આ કેસમાં પોલીસના હાથ પણ બંધાઈ ગયા છે. વડોદરાના પોલીસે આ કેસમાં કાયદાકીય પગલાં લીધા છે. બંનેનાં નિવેદનો નોંધવા માટે ઝીંઝિ ૪૧ (છ) હેઠળ નોટિસ આપવામાં આવી હતી, પરંતુ ફરિયાદી કેસને આગળ ધપાવવા ઈચ્છુક નથી.



જમ્મુના બહારના ભાગમાં, જથ્થાબંધ શાકભાજીના બજારમાં, શિયાળાની ઠંડીની સવારે લોકો પોતાને ગરમ કરવા માટે બોનફાયરની આસપાસ બેસે છે.

### વ્યાજખોરોનો ત્રાસ યથાવત

## વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવકનો કલેક્ટર કચેરીમાં આત્મવિલોપનનો પ્રયાસ

### યુવકે પોતાની અનેક રજૂઆતો કર્યા બાદ પણ ઉકેલ ન આવતાં યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો

। દાહોદ, તા.૩૦ ।

યુવકે રૂપિયા આપ્યા હોવા છતાં જાનથી મારી નાખવાની તેમજ દારૂના કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવતી હતી. જે અંગે યુવકે અનેક રજૂઆતો કર્યા બાદ પણ ઉકેલ ન આવતાં યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પોલીસે હાલ યુવકની અટકાયત કરી છે.

દાહોદ કલેક્ટર કચેરીના પટાંગણમાં એક યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. યુવકે ૪.૬૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેના બદલામાં તેણે ૪.૮૮ લાખ ચુકવ્યા હોવા છતાં પણ ધમકી મળતી હોવાનો યુવકે દાવો કર્યો છે.યુવકે રૂપિયા આપ્યા હોવા છતાં જાનથી મારી નાખવાની તેમજ દારૂના કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવતી હતી. જે અંગે યુવકે અનેક રજૂઆતો કર્યા બાદ પણ ઉકેલ ન આવતાં યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પોલીસે હાલ યુવકની અટકાયત કરી છે.

### નિકાસબંધીના વિરોધમાં ખેડૂતોનો અનોખો વિરોધ

## ખેડૂતોએ ડુંગળીની અંતિમયાત્રા કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો

। ભાવનગર, તા.૩૦ ।

ભાવનગરના ઘોઘા તાલુકાના નેસવડ, મામસા, ઉખલા ગામના ખેડૂતોએ ડુંગળીની અંતિમયાત્રા કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો છે. તો બીજી તરફ મહુવા અને ભાવનગર યાર્ડમાં ડુંગળીની નિકાસબંધીની સીધી અસર જોવા મળી રહી છે. નિકાસબંધીથી ડુંગળીના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે અચાનક જ ડુંગળીની નિકાસ બંધ કરતા ખેડૂતોને ડુંગળીના સારા ભાવ મળવાનું તો દૂર ખોટ ખાવાનો વારો આવ્યો છે. ખેડૂતો છેલ્લા ૨૦ દિવસથી સરકારના નિકાસબંધીના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. છતાં સરકારે નિકાસબંધી હટાવવાને લઈને હજુ કોઈ નિર્ણય લીધો નથી. ત્યારે ભાવનગરના ખેડૂતોએ અનોખો વિરોધ નોંધાવ્યો છે.

ભાવનગરના ઘોઘા તાલુકાના નેસવડ, મામસા, ઉખલા ગામના ખેડૂતોએ ડુંગળીની અંતિમયાત્રા કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો છે. તો બીજી તરફ મહુવા અને ભાવનગર યાર્ડમાં ડુંગળીની નિકાસબંધીની સીધી અસર જોવા મળી રહી છે. નિકાસબંધીથી ડુંગળીના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.

## રાજકોટમાં ફરી રફતારનો કહેર પૂરઝડપે દોડતી કારે એક્ટિવા ચાલકને મારી દીધી ટક્કર

### અકસ્માતમાં પિતા-પુત્રનું સ્થળ પર મોત થયુ જ્યારે અન્ય ચાર લોકોને ઈજા પહોંચી હતી, ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

। રાજકોટ, તા.૩૦ ।

રાજકોટમાં ફરી એકવાર રફતારનો કહેર જોવા મળ્યો હતો. પૂરઝડપે દોડતી કારે એક્ટિવા ચાલકને ટક્કર મારી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના રૈયા ચોકડી વિસ્તારમાં બેફામ દોડતી કારે એક્ટિવા ચાલકને અડફેટે લીધો હતો. અકસ્માત બાદ કાર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલકને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી. તાજેતરમાં જ રાજકોટમાં ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રાજકોટમાં ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા પિતા અને પુત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. શહેરના કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે રિક્ષા અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અચાનક રિક્ષા વચ્ચે આવી જતા ડમ્પર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પિતા-પુત્રનું સ્થળ પર મોત થયુ જ્યારે અન્ય ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અન્ય એક ઘટનામાં મોરબીની હળવદ ચોકડી પાસે બેફામ દોડતા ટ્રકે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર બે યુવકો ૨૦૦ મીટર સુધી ઢસડાયા હતા. આ અકસ્માતમાં એકનું સ્થળ પર જ મોત નિપજ્યુ જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

### અમરેલીમાં ૮ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરતા ખળભળાટ મચ્યો

। અમરેલી, તા.૩૦ ।

અમરેલી જિલ્લા પોલીસ તંત્રમાં ૮ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. જિલ્લા પોલીસવડા દ્વારા કડક કાર્યવાહી કરી ૮ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જૂનાગઢ એડીઆઈ તાલીમમાં જવા માટે પોલીસ કર્મચારીઓને હુકમ કરવામાં આવ્યો હતો.

૮ જેટલા પોલીસ કર્મચારીઓ રજા પર ઉતરી ફરજ પર બેદરકારી દાખવી હતી. આ ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે ૮ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેતા અમરેલી જિલ્લા પોલીસમાં ખળભળાટ મચી ગયો છે. એક સાથે ૮ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરતા પોલીસબેડામાં સન્નાટો છવાઈ ગયો છે.

## વિશેષ

### દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા

# માર્કેટયાર્ડમા ચોરીના આરોપીઓ ન પકડાતા વેપારીઓમાં આક્રોશ

દિયોદર, તા.૩૦

બનાસકાંઠાના દિયોદરના માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા તસ્કરોએ સાત દુકાનના તાળાં તોડી ૪.૬૫ લાખની રોકડ રકમ ચોરી કરી હતી. જેને લઈ વેપારીઓએ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જોકે હજુ સુધી તસ્કરો ન પકડાતાં વેપારીઓમાં આક્રોશ ફેલાયો છે. જેને લઈને છેલ્લા ૫ દિવસથી વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને જ્યાં સુધી આરોપીઓ ન પકડાઈ ત્યાં સુધી હડતાળ ઉપર ઉતર્યા છે. જેના કારણે વેપારીઓ અને ખેડૂતોને નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દિયોદર માર્કેટયાર્ડના વેપારીઓએ દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે માર્કેટયાર્ડમાં ચોરી થતા વેપારીઓ અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ રાખી જ્યાં સુધી તસ્કરો ન પકડાય ત્યાં સુધી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જોકે ચોરીના ૫ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ સુધી પોલીસ દ્વારા તસ્કરોને પકડવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેથી દિયોદર માર્કેટયાર્ડ વેપારી એસોસિયનના તમામ વેપારીઓ એક સંપ થઈ જ્યાં સુધી તસ્કરો ન ઝડપાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં જાહેર હરાજી, ધંધા વ્યવસાય બંધ રાખવાનો નિર્ણય કરી હડતાળ ઉપર બેઠા છે. જેથી માર્કેટયાર્ડમાં હરાજી બંધ રહી અને તમામ દુકાનોમાં તાળા લાગ્યા છે. જોકે હડતાળ ઉપર ઉતરેલા વેપારીઓએ કહ્યું કે દિયોદર માર્કેટયાર્ડમાં સાત દુકાનોના તાળા તૂટવાના ૫ દિવસ જેટલો સમય થવા છતાં તસ્કરો ન ઝડપાતા અમોએ ચોક્કસ મુદત માટે દિયોદર માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જેથી જ્યાં સુધી તસ્કરો નહિ ઝડપાય ત્યાર સુધી અમે હડતાળ ચાલુ રાખીશું. આ અંગે દિયોદર માર્કેટયાર્ડ કાર્યાલયમાં અમે લેખિત જાણકરી આપી હડતાળ આરંભી છે. આગામી સમયમાં તસ્કરો ઝડપાયા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. જોકે માર્કેટયાર્ડને હડતાળ રહેતા વેપારીઓ અને ખેડૂતોને નુકસાન પહોંચતું હોવાનું દુઃખ પણ વેપારીઓ વ્યક્ત કર્યું હતું. માર્કેટયાર્ડમાં થયેલ ચોરી બાબતે એક બાજુ વેપારીઓમાં રોષ ફેલાયો છે તો બીજી બાજુ પોલીસનું કહેવું છે કે આ બાબતે તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. ડોગસ્કવોર્ડ,એફએસએલ તેમજ સીસીટીવી ફૂટેજના મદદથી તપાસ ચાલી રહી છે.ટૂંક સમયમાં તસ્કરોને ઝડપી લઈશું. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દિયોદર માર્કેટયાર્ડના વેપારીઓએ દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે માર્કેટયાર્ડમાં ચોરી થતા વેપારીઓ અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ રાખી જ્યાં સુધી તસ્કરો ન પકડાય ત્યાં સુધી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જોકે ચોરીના ૫ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ સુધી પોલીસ દ્વારા તસ્કરોને પકડવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેથી દિયોદર માર્કેટયાર્ડ વેપારી એસોસિયનના તમામ વેપારીઓ એક સંપ થઈ જ્યાં સુધી તસ્કરો ન ઝડપાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં જાહેર હરાજી, ધંધા વ્યવસાય બંધ રાખવાનો નિર્ણય કરી હડતાળ ઉપર બેઠા છે. જેથી માર્કેટયાર્ડમાં હરાજી બંધ રહી અને તમામ દુકાનોમાં તાળા લાગ્યા છે. જોકે હડતાળ ઉપર ઉતરેલા વેપારીઓએ કહ્યું કે દિયોદર માર્કેટયાર્ડમાં સાત દુકાનોના તાળા તૂટવાના ૫ દિવસ જેટલો સમય થવા છતાં તસ્કરો ન ઝડપાતા અમોએ ચોક્કસ મુદત માટે દિયોદર માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જેથી જ્યાં સુધી તસ્કરો નહિ ઝડપાય ત્યાર સુધી અમે હડતાળ ચાલુ રાખીશું. આ અંગે દિયોદર માર્કેટયાર્ડ કાર્યાલયમાં અમે લેખિત જાણકરી આપી હડતાળ આરંભી છે. આગામી સમયમાં તસ્કરો ઝડપાયા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. જોકે માર્કેટયાર્ડને હડતાળ રહેતા વેપારીઓ અને ખેડૂતોને નુકસાન પહોંચતું હોવાનું દુઃખ પણ વેપારીઓ વ્યક્ત કર્યું હતું. માર્કેટયાર્ડમાં થયેલ ચોરી બાબતે એક બાજુ વેપારીઓમાં રોષ ફેલાયો છે તો બીજી બાજુ પોલીસનું કહેવું છે કે આ બાબતે તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. ડોગસ્કવોર્ડ,એફએસએલ તેમજ સીસીટીવી ફૂટેજના મદદથી તપાસ ચાલી રહી છે.ટૂંક સમયમાં તસ્કરોને ઝડપી લઈશું. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દિયોદર માર્કેટયાર્ડના વેપારીઓએ દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે માર્કેટયાર્ડમાં ચોરી થતા વેપારીઓ અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ રાખી જ્યાં સુધી તસ્કરો ન પકડાય ત્યાં સુધી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જોકે ચોરીના ૫ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ સુધી પોલીસ દ્વારા તસ્કરોને પકડવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેથી દિયોદર માર્કેટયાર્ડ વેપારી એસોસિયનના તમામ વેપારીઓ એક સંપ થઈ જ્યાં સુધી તસ્કરો ન ઝડપાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં જાહેર હરાજી, ધંધા વ્યવસાય બંધ રાખવાનો નિર્ણય કરી હડતાળ ઉપર બેઠા છે. જેથી માર્કેટયાર્ડમાં હરાજી બંધ રહી અને તમામ દુકાનોમાં તાળા લાગ્યા છે. જોકે હડતાળ ઉપર ઉતરેલા વેપારીઓએ કહ્યું કે દિયોદર માર્કેટયાર્ડમાં સાત દુકાનોના તાળા તૂટવાના ૫ દિવસ જેટલો સમય થવા છતાં તસ્કરો ન ઝડપાતા અમોએ ચોક્કસ મુદત માટે દિયોદર માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જેથી જ્યાં સુધી તસ્કરો નહિ ઝડપાય ત્યાર સુધી અમે હડતાળ ચાલુ રાખીશું. આ અંગે દિયોદર માર્કેટયાર્ડ કાર્યાલયમાં અમે લેખિત જાણકરી આપી હડતાળ આરંભી છે. આગામી સમયમાં તસ્કરો ઝડપાયા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. જોકે માર્કેટયાર્ડને હડતાળ રહેતા વેપારીઓ અને ખેડૂતોને નુકસાન પહોંચતું હોવાનું દુઃખ પણ વેપારીઓ વ્યક્ત કર્યું હતું. માર્કેટયાર્ડમાં થયેલ ચોરી બાબતે એક બાજુ વેપારીઓમાં રોષ ફેલાયો છે તો બીજી બાજુ પોલીસનું કહેવું છે કે આ બાબતે તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. ડોગસ્કવોર્ડ,એફએસએલ તેમજ સીસીટીવી ફૂટેજના મદદથી તપાસ ચાલી રહી છે.ટૂંક સમયમાં તસ્કરોને ઝડપી લઈશું. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દિયોદર માર્કેટયાર્ડના વેપારીઓએ દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે માર્કેટયાર્ડમાં ચોરી થતા વેપારીઓ અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ રાખી જ્યાં સુધી તસ્કરો ન પકડાય ત્યાં સુધી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જોકે ચોરીના ૫ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ સુધી પોલીસ દ્વારા તસ્કરોને પકડવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેથી દિયોદર માર્કેટયાર્ડ વેપારી એસોસિયનના તમામ વેપારીઓ એક સંપ થઈ જ્યાં સુધી તસ્કરો ન ઝડપાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં જાહેર હરાજી.



### સરકારે વ્યાજદરમાં વધારાની કરી જાહેરાત

# સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણ કરનારા રોકાણકારોને સરકારે નવા વર્ષમાં મોટી ભેટ




। નવી દિલ્હી, તા.૩૦ ।


સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણ કરનારા રોકાણકારોને સરકારે નવા વર્ષમાં મોટી ભેટ આપી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ચોથા ક્વાર્ટર માટે, યોજનાના વ્યાજ દર ૮ ટકાથી વધારીને ૮.૨ ટકા કરવામાં આવ્યા છે. સરકારે નવા વર્ષમાં નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં ફેરફારની જાહેરાત કરી છે. સરકારની જાહેરાત અનુસાર, ૩ વર્ષની બચત યોજના પર વ્યાજ દરમાં ૦.૧%નો વધારો કરવામાં આવ્યો છે. સુકન્યા સમૃદ્ધિ યોજના પર વ્યાજ દરમાં ૦.૨%નો વધારો કરવામાં આવ્યો છે. હવે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં સુકન્યા સમૃદ્ધિ યોજના પર ૮.૨% વ્યાજ મળશે. નાની બચત યોજનામાં સમાવિષ્ટ સુકન્યા સમૃદ્ધિ યોજનાના વ્યાજ દરમાં વધારો કરવામાં આવ્યો છે.

નાણા મંત્રાલયે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળા માટે વ્યાજ દર ૮ ટકાથી વધારીને ૮.૨૦ ટકા કર્યો છે. સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ, માતા-પિતા અથવા કાનૂની વાલી બાળકીના જન્મથી લઈને તે ૧૦ વર્ષની થાય ત્યાં સુધી બાળક માટે ખાતું ખોલાવી શકે છે. સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતા પોસ્ટ ઓફિસ અને બેંકોમાં ખોલી શકાય છે. સુકન્યા સમૃદ્ધિ યોજના યોજના હેઠળ, લઘુત્તમ જમા રકમ પ્રતિ વર્ષ ૨૫૦ રૂપિયા છે અને મહત્તમ રકમ પ્રતિ વર્ષ ૧,૫૦,૦૦૦ રૂપિયા છે. આ યોજના હેઠળ, તમે જ્યાં સુધી છોકરી ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ ન કરે ત્યાં સુધી રોકાણ કરી શકો છો. આ પછી, ૧૮ વર્ષની ઉંમરે, છોકરી અભ્યાસ માટે ૫૦ ટકા રકમ ઉપાડી શકે છે અને ૨૧ વર્ષની ઉંમરે, તે ખાતામાંથી સંપૂર્ણ પૈસા ઉપાડી શકે છે.

### બાંગ્લાદેશીઓ દ્વારા બનાવટી ભાડા કરારનો ઉપયોગ

# હયાત નથી તે મહિલાનો નકલી કરારથી પાસપોર્ટ બનાવ્યો હતો

## આ કેસમાં અત્યાર સુધીમાં ૨૦ બાંગ્લાદેશી ઘૂસણખોરો અને તેમના ૨ ભારતીય મદદગારોની ધરપકડ કરાઈ




। પૂણે, તા.૩૦ ।

આ રમત પાછળ એક મોટું રેકેટ કામ કરી રહ્યું હોય તેવું લાગે છે. આ રેકેટ બાંગ્લાદેશી ઘૂસણખોરોને ભારતમાં લાવે છે અને તેમને ભારતીય ઓળખ આપીને આરબ દેશોમાં જવા માટે મદદ કરે છે. બદલામાં, ઘૂસણખોરો પાસેથી ૭ લાખ રૂપિયા સુધીની રકમ એકત્ર કરવામાં આવી હતી. આ કામમાં વેબસાઈટની પણ મદદ લેવામાં આવી હતી. સુમન તુજારે હયાત નથી. પરંતુ પુણેની આ મહિલાની ઝૂંપડપટ્ટી માટે નકલી કરાર કરીને બાંગ્લાદેશીઓએ તેનો પાસપોર્ટ પણ બનાવી લીધો હતો. તેઓએ આરબ દેશોમાં જઈને રોજગાર મેળવવા માટે ભારતીય પાસપોર્ટ બનાવ્યો હતો. મુંબઈ પોલીસની તપાસમાં આ વાત સામે આવી છે. આ કેસમાં અત્યાર સુધીમાં ૨૦ બાંગ્લાદેશી ઘૂસણખોરો અને તેમના ૨ ભારતીય મદદગારોની ધરપકડ કરવામાં આવી છે.

મુંબઈ પોલીસની વિશેષ ટીમ છેલ્લા અઢી મહિનાથી આ કેસની તપાસ કરી રહી છે. આ બાંગ્લાદેશીઓના પાસપોર્ટ ચેક કરતાં આ છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ૬ બાંગ્લાદેશીઓએ કરાર તૈયાર કરીને સુમન તુજારે નામની મૃતક મહિલા માટે પાસપોર્ટ તૈયાર કર્યા છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ પાસપોર્ટ એક્ટ અને ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ કેસ નોંધ્યો છે. પુણે પોલીસે પાસપોર્ટ અરજીના વેરિફિકેશન દરમિયાન આ સરનામું પણ ચકાસી લીધું હતું. ઈન્ડિયન એક્સપ્રેસે તેના અહેવાલમાં જણાવ્યું છે કે જ્યારે તેની ટીમે સરનામું તપાસ્યું ત્યારે પરિવારના સભ્યોએ પુષ્ટિ કરી કે સુમન તુજારેનું મૃત્યુ થોડા વર્ષો પહેલા થયું હતું.

### સ્પોન્સરને ગિફ્ટની લાલચે ન કરવાનું કર્યું!

# અમેરિકન યુવકે દોસ્તીનું કહી ભારતીય યુવતીને ફસાવી હતી

## આ યુવતી ભારતની હતી અને તેને અમેરિકા જવાનું સપનું હતું એટલે આ રિલેટેડ બંને વચ્ચે વાતચીત થવા લાગી હતી

। નવી દિલ્હી, તા.૩૦ ।



અમેરિકામાં રહેતા અને ડોકટર તેવા એક વ્યક્તિ સાથે ભારતીય યુવતીને ઓનલાઈન દોસ્તી કરવી મોંઘી પડી ગઈ હતી. અત્યારે સોશિયલ મીડિયાના યુગમાં ઘણીવાર લોકો ખોટી દોસ્તીની વાતોમાં આવીને ફસાઈ જતા હોય છે. આવો જ એક કિસ્સો રાયપુરમાં સામે આવ્યો છે. જેમાં યુવતીને સામેથી અમેરિકન ડોકટરે મેસેજિસ કરવાનું શરૂ કર્યું હતું. જોતજોતામાં બંને વચ્ચે સારી એવી વાતો થઈ અને તેઓ એકબીજા સાથે ચર્ચા વિચારણા પણ કરવા લાગ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ યુવતીને તો અમેરિકા જવા સુધીની ઓફર પણ મળી ગઈ હતી. જોકે પછી એરપોર્ટ પર કાંડ થયો હતો. અમેરિકન યુવકે સૌથી પહેલા તો પોતાની પ્રોફાઈલ જોરદાર સ્ટ્રોંગ બનાવી હતી. તેમા ફોટોઝ અને બધુ લોકોને આકર્ષિત કરે તેવું હતું. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે તેણે સામેથી જ યુવતીને મેસેજ મોકલ્યો હતો. શરૂઆતમાં યુવતીએ ભાવ ન આપ્યો પરંતુ એકવાર કેઝ્યુઅલ વાત બંને વચ્ચે શરૂ થઈ અને પછી તો સીન થઈ ગયો હતો. યુવતીને તેણે કહ્યું કે તમને અમેરિકા આવવું હોય તો કહેજો આ દરમિયાન બંને વચ્ચે સારી એવી ચેટિંગ થવા લાગી હતી.

અમેરિકન યુવકે જણાવ્યું કે તે ઈન્ડિયા ક્યારેય નથી આવ્યો અને તેને ઈન્ડિયન્સ ઘણા પસંદ છે. ત્યાંની છોકરીઓનો સ્વભાવ તેને ગમે છે. ધીમે ધીમે કરીને એ અમેરિકન વ્યક્તિએ તેની સાથે ફોન કોલ કરવાનું શરૂ કરી દીધું. વીડિયો કોલ કર્યા, ઓડિયો કોલ કર્યા અને બધી જ રીતે દોસ્તી કરી લીધી હતી. આ દરમિયાન બંને વચ્ચે માત્ર મિત્રતાના સંબંધો જ હતા. ભારતીય યુવતીએ પણ કહ્યું કે તેના પ્લાનિંગ અમેરિકામાં ફરવાનાં છે તો આ યુવકે કહ્યું કે સેટલ થવા સુધીની મદદ પણ તમને કરીશ. એક કામ કરો તમને હું આપણા દોસ્તીની મસ્ત ગિફ્ટ મોકલી રહ્યો છું એ લઈ લેજો. અમેરિકન ફ્રેન્ડે ત્યારપછી ભારતીય યુવતીની સાથે ન કરવાનું કર્યું હતું. તેણે એક પાર્સલ ભારત મોકલાવ્યું છે જેમાં એક એપલ "રહી, જ્વેલરી, અમેરિકન ડોલર્સની થોકડીઓ છે એવું જણાવ્યું. હવે આ બોક્સ ભારત ૨-૩ દિવસમાં પહોંચી જશે એવું આ યુવતીએ કહ્યું હતું. જોતજોતામાં સમય પસાર થયો તેણે મેસેજિસમાં વાતો કરી અને એ દિવસ આવી ગયો જ્યારે પાર્સલમાં યુવતીને મોંઘી મોંઘી ગિફ્ટ મળવાની હતી. ત્યારપછી અમેરિકન યુવકના મેસેજ નહીં પરંતુ એક ફોન યુવતીને આવ્યો હતો.

ભારતીય યુવતીને ફોન આવ્યો કે મેડમ દિલ્હીમાં પાર્સલ આવી ગયું છે એમાં મોંઘી વસ્તુઓ છે જેથી કસ્ટમ ડ્યૂટી તમારે ભરવી પડશે. આ દરમિયાન તેણે ૨૫ હજાર રૂપિયા ભરી દીધા હતા. જોતજોતામાં થોડા સમય પછી બીજા નંબરથી ફોન આવ્યો જેમાં તેને ૬૦ હજાર રૂપિયા ભરવા પડશે એવું જાણાવાયું હતું. આ બધુ થતા યુવતીએ આંખ બંધ કરીને આઈફોન અને બીજી ગિફ્ટની લાલચે જેટલા રૂપિયા તે લોકો કહેતા ગયા તેટલા આપતી ગઈ હતી.

# સગર્ભા માટે ૧૦૮ બની દેવદૂત, તબિયત લથડતા એમ્બ્યુલન્સમાં પ્રસુતિ કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૩૦ ।




ગારખડી ૧૦૮ ની સરાહાનીય કામગીરી સામે આવી છે. એમ્બ્યુલન્સની ટીમે સગર્ભાને પ્રસુતિની પીડા ઉપડ્યા બાદ તેણીની તબિયત લથડતાં એમ્બ્યુલન્સમાં પ્રસુતિ કરાવી માતા અને બાળક બંનેનો જીવ બચાવ્યો હતો.

વાયદુન ગામે રાત્રિના ૪:૩૪ કલાકે શીલાબેન જયેશભાઈ ગામીતને પ્રસુતિનો દુખાવો ઉપડતા તેમના પતિ જયેશભાઈ ગામીતે ૧૦૮ માં કોલ કરી મદદ માંગી હતી. ગારખડી લોકેશનને કોલ મળતા જ ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફમાં ઈએમટી સંદીપ પવાર અને પાયલોટ રોહિત ચૌધરી વાયધુન ગામમાં પહોંચ્યા હતા. અહીં શીલાબેન જયેશભાઈ ગામીતને એમ્બ્યુલન્સમાં લઈ તપાસ કરાઈ હતી. મહિલાને વધુ સારવાર અને પ્રસુતિ અર્થે જનરલ સિવિલ હોસ્પિટલ આહવા ખાતે લઈ જવા નક્કી કરાયું હતું. ૧૦૮ મહિલાને લઈ જઈ રહી હતી તે દરમિયાન મહાલપાડા ગામ નજીક આશરે સવારે ૬: ૦૫ કલાકે તેણીની તબિયત ખરાબ જણાતા એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવવાની ફરજ પડે તેવા સંજોગો સર્જાયા હતા.

### ૨૪ કલાકમાં ૭ ના મોતથી હાહાકાર

# કોરોનાએ ફરી મચાવ્યો આતંક દેશમાં આજે ૭૪૩ નવા કેસ

। નવી દિલ્હી, તા.૩૦ ।



શિયાળાની ઠંડી વધવાની સાથે ભારતમાં કોરોના વાયરસ વધુ ગંભીર બની રહ્યો છે. દેશમાં જેમ જેમ ઠંડી વધી રહી છે, કોરોના વાયરસના નવા કેસ પણ તેજ ઝડપે સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭૪૩ નવા કેસ નોંધાયા છે, જેના કારણે ચિંતા વધી રહી છે. કારણ કે આના એક દિવસ પહેલા દેશમાં કોવિડના ૫૨૯ નવા કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ માહિતી આપી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા લેટેસ્ટ આંકડા અનુસાર દેશમાં ગત ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૭૪૩ નવા કેસ નોંધાયા છે. જેથી દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૯૯૭ થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન દેશના વિવિધ રાજ્યોમાં કોવિડ-૧૯ને કારણે કુલ ૭ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે બે લોકોના મોત થયા છે, જ્યારે દિલ્હી, કર્ણાટક, કેરળ અને પશ્ચિમ બંગાળમાં એક દર્દીનું મોત થયું છે. ભારતમાં બુધવારે ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫૨૯ નવા કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે આ સમયગાળા દરમિયાન દેશમાં કોરોના વાયરસના કારણે ૫ લોકોના મોત થયા છે. એટલું જ નહીં આ દરમિયાન દેશમાં ૩ લોકોના મોત થયા છે. બુધવારના ડેટા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કર્ણાટકમાં કોવિડ-૧૯ના કારણે બે અને ગુજરાતમાં એક દર્દીનું મોત થયું છે. જોકે, બાદમાં મહારાષ્ટ્રમાંથી કોરોના વાયરસના કારણે મૃત્યુના બે કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં છેલ્લા ત્રણ મહિનામાં પ્રથમ વખત કોરોનાના કારણે મૃત્યુના કેસ નોંધાયા છે. કોરોનાના નવા સબ-વેરિઅન્ટ JN.1 વિશે વાત કરીએ તો દેશમાં અત્યાર સુધીમાં ૧૬૨ નવા કેસ નોંધાયા છે. બુધવારે પ્રથમ વખત, દેશની રાજધાની દિલ્હીમાં કોવિડ સબ-વેરિઅન્ટ JN.1 નો પહેલો કેસ નોંધાયો હતો.

### આસામમાં ૪૦ વર્ષના ઉગ્રવાદનો આવ્યો અંત

# ULFA અને કેન્દ્ર સરકાર વચ્ચે ઐતિહાસિક કરાર

## સરકાર અને આતંકવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર

। નવી દિલ્હી, તા.૩૦ ।



કેન્દ્ર સરકારને આસામ અને ઉત્તર-પૂર્વના સંબંધોમાં મોટી સફળતા મળી છે. શુક્રવારે (૨૯ ડિસેમ્બર) સરકાર અને આતંકવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ **(ULFA)** વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઉલ્ફાના વાર્તા સમર્થક જૂથે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં કેન્દ્ર અને આસામ સરકારો સાથે ત્રિપક્ષીય શાંતિ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા. ભારત સરકાર, યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ **(ULFA)** અને આસામ વચ્ચે ત્રિપક્ષીય શાંતિ કરાર પર આજે શુક્રવારે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૪૦ વર્ષમાં પ્રથમ વખત સશસ્ત્ર આતંકવાદી સંગઠન **ULFA**ના પ્રતિનિધિઓ અને આસામ સરકાર વચ્ચે શાંતિ સમાધાન કરારના મુસદ્દા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. પૂર્વોત્તરમાં ભારત સરકારના શાંતિ પ્રયાસો તરફ આ એક મોટું પગલું છે. કારણ કે, ઉલ્ફા છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર પૂર્વમાં સશસ્ત્ર સુરક્ષા દળો સામે હિંસક સંઘર્ષ કરી રહ્યું હતું. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મારા માટે ખૂબ જ આનંદની વાત છે કે આસામના ભવિષ્ય માટે આજનો દિવસ સુવર્ણ દિવસ છે. આસામ લાંબા સમયથી હિંસાનો સામનો કરી રહ્યું છે, સમગ્ર ઉત્તર-પૂર્વે હિંસાનો સામનો કરવો પડ્યો છે, જ્યારથી મોદીજી વડાપ્રધાન બન્યા છે (૨૦૧૪ થી), દિલ્હી અને ઉત્તર-પૂર્વ વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ખુલ્લા મનથી દરેક સાથે વાતચીત શરૂ થઈ અને તેમના (**PM** મોદીના) માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે ઉગ્રવાદ મુક્ત, હિંસા-મુક્ત અને સંઘર્ષ-મુક્ત ઉત્તર-પૂર્વના વિઝન સાથે ચાલુ રાખ્યું. તેમણે કહ્યું કે, છેલ્લા પ ાંચ વર્ષમાં સમગ્ર ઉત્તર-પૂર્વના વિવિધ રાજ્યોમાં ૯ શાંતિ અને સરહદ સંબંધિત સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

જેના કારણે ઉત્તર-પૂર્વના મોટા ભાગમાં શાંતિ સ્થપાઈ છે. ગૃહમંત્રીએ કહ્યું, રેકોર્ડ પર, ૯ હજારથી વધુ કેડરોએ આત્મસમર્પણ કર્યું છે અને આસામના ૮૫ ટકા ભાગમાંથી **AFSPA** હટાવવામાં આવી રહી છે અને આજે ભારત સરકાર, આસામ સરકાર અને યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા) વચ્ચે ત્રિ-પક્ષીય સમજૂતી થઈ છે, આનાથી આસામના તમામ સશસ્ત્ર જૂથોના મુદ્દાને અહીં સમાપ્ત કરવામાં સફળ રહ્યા છીએ. તે જ સમયે, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, આજે આસામ માટે ઐતિહાસિક દિવસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ આસામની શાંતિ પ્રક્રિયા ચાલુ છે.



આંધ્ર પ્રદેશના નેલ્લોરમાં ૩૦૦ વર્ષ જૂનું અનોખું હિંદુ મંદિર મળી આવ્યું

# નર્મદ યુનિવર્સિટીમાં હવે વિદેશી ભાષાના કોર્સ પણ ભણાવાશે




। નવી દિલ્હી, તા.૩૦ ।

નર્મદ યુનિવર્સિટીમાં હવે વિદેશી ભાષાના કોર્સ ભણાવાશે. **PM**ના સૂચન બાદ **VNSGU**માં વિદેશી ભાષા માટે નવો વિભાગ શરૂ કરાયો છેજેમાં વિદ્યાર્થીઓને વિદેશી ભાષા શીખવવામાં આવશે.વિદેશી ભાષા ભણવા ૭૨ છાત્રો તૈયાર થયા છે. આ છાત્રમાં સૌથી વધુ જર્મન ભાષા માટે ૨૯ અરજી આવી છે. આ ઉપરાંત ફ્રેન્ચ, ચાઈનીઝ, સ્પેનિશ, સ્વિડિશ, કોરિયન સહિતના ૧૦ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાશે. આ ભ્યાસ માટે વિઝિટિંગ ફેકલ્ટીઓની ભરતી પણ બહાર પાડવામાં આવી હતી. કુલપતિ કિશોરસિંહ ચાવડાએ અભ્યાસક્રમ શરૂ કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ હોવાનું જણાવ્યું હતું.

# ઉત્તર પ્રદેશમાં ડોક્ટરોએ મૃત જાહેર કરેલી મહિલાએ અચાનક ઊઠીને પાણી માંગ્યું..

। ઉત્તર પ્રદેશ, તા.૩૦ ।

આને કુદરતનો ચમત્કાર કહો કે ડોક્ટરોની બેદરકારી. હોસ્પિટલમાં મૃત જાહેર મહિલા રસ્તામાં જીવિત ઊભી થઈ ગઈ. કેન્સરથી પીડિત મહિલાને હોસ્પિટલમાં મૃત જાહેર કરી દેવાઈ. એમ્બ્યુલન્સથી ઘરે લાવતી વખતે મહિલા રસ્તામાં ઉઠીને બેસી ગઈ અને પાણી માંગવા લાગી. આ કિસ્સો હમીરપુર જિલ્લાના રાઠ વિસ્તારનો છે. આ વિસ્તારના રહેવાસી માતાદીન રૈકવારે જણાવ્યુ કે અનીતા બીમાર રહેતી હતી. સારવાર દરમિયાન ડોક્ટરોએ મહિલાને બ્લડ કેન્સર થયુ હોવાની વાત કહી. તેમણે છતરપુર, ભોપાલ, જાલંધર, ચંદીગઢ અને અમૃતસરમાં સારવાર કરાવી. જાલંધરમાં નૌગાવ નિવાસી સંબંધી રાજુ રૈકવાર મજૂરી કરે છે. થોડો સમય જાલંધરમાં રાજુના ત્યાં રહીને પ્રાઈવેટ હોસ્પિટલમાં મહિલાની સારવાર કરાવવામાં આવી હતી. લગભગ ૧૫ દિવસ પ હેલા મહિલાની હાલત બગડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, ત્યાં સારવાર દરમિયાન ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધી. મૃતદેહ લાવવા માટે ૩૦ હજારમાં એમ્બ્યુલન્સ કરાવી પત્નીના કથિત મૃતદેહને પેક કરીને તેમને સોંપી દેવાયો. ગામમાં મૃતદેહ લાવવા માટે તેમણે ત્રીસ હજારમાં એમ્બ્યુલન્સ કરી. માતાદીને જણાવ્યુ કે નોઈડા પહોંચવા પર મહિલા પાણી માંગવા લાગી. આ જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા. જોકે બાદમાં મહિલાને તેના ગામ લાવી દેવાઈ છે.

## તંત્રી લેખ...

# સદ્વિવેકના અભાવમાં મનુષ્ય જીવનની સાચી રાહ

જીવનમાં સત્ય અને અસત્ય, પાપ અને પુણ્ય, વિધિ અને નિષેધ, ન્યાય અને અન્યાય, ધર્મ અને અધર્મ અને સાચા અને ખોટા વગેરે વચ્ચે પસંદગી કરવામાં મોટાભાગે દુવિધા પેદા થાય છે. આ દુવિધાને દૂર કરવામાં સદ્વિવેકની શક્તિ બહુ પ્રભાવી સાબિત થાય છે. સદ્વિવેકના અભાવમાં મનુષ્ય જીવનની સાચી રાહ પરથી ભટકી જાય છે. સદ્વિવેક માટે હંમેશાં હંસનું ઉદાહરણ આપવામાં આવે છે કે જેમ હંસ મોતી ચણે છે અને કાંકરા છોડી દે છે કે ક્ષીર અને નીરને અલગ કરી લે છે, એ જ પ્રકારે સદ્વિવેકી વ્યક્તિમાં એવી કુશળતા હોય છે કે તે અવગુણોને છોડીને સદ્ગુણોને આત્મસાત કરે છે. આ પ્રકારે તે તમોગુણથી નીકળીને સતોગુણ તરફ ઉન્મુખ થાય છે. એટલા માટે જે વ્યક્તિ પાસે સદ્વિવેક હોય છે, તેને 'હંસ' કે 'પરમહંસ'ની ઉપાધિ આપવામાં આવે છે. સંસારની અન્ય ઉપાધિઓ આ ઉપાધિ સમક્ષ તુચ્છ છે, કારણ કે જો મોટી-મોટી ઉપાધિઓ પ્રાપ્ત થયા બાદ પણ મનુષ્ય બુરાઈના કીચડમાં ફસાતો રહે અને વિકારોની ગર્તામાં ઉતરતો રહે તો એ ઉપાધિઓનો વળી શો લાભ? સદ્વિવેકથી સત્ય-અસત્ય એ ગુણ-દોષનો સહજ બોધ થઈ જાય છે. જેમ પારસ પર સોનાને ઘસવાથી ખરા અને ખોટા સોનાની ખબર પડી જાય છે, એવી જ રીતે સદ્વિવેક એક એવી કસોટી છે જેનાથી તત્ક્ષણ સારા-ખોટાની ઓળખ થઈ જાય છે. આ દૃષ્ટિએ સદ્વિવેક સૌથી મોટી યોગ્યતા, કુશળતા, ઉપલબ્ધિ, સ્થિતિ, શક્તિ અને ક્ષમતા છે, કારણ કે તેનાથી સંસારની સ્થૂળ અને સૂ-મ નિધિ મનુષ્યને આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. જેની પાસે સદ્વિવેક હોય છે, તેનું મન સંપૂર્ણ રીતે નિયંત્રિત હોય છે. તેનો આચાર-વ્યવહાર અને ચિત્ત નિર્વિકાર હોય છે. તે સંસારના ભૌતિક આકર્ષણોથી મુક્ત થઈને વાસ્તવિક સ્વતંત્રતામાં વિચરણ કરે છે. તે જીવનના મર્મને બહેતર રીતે સમજે છે. ઘણા લોકો શું સાચું છે અને શું નથી, શું ખરું છે અને શું ખોટું છે તે સમજવા મથે છે. શું ખરું છે અને શું ખોટું છે એનો ફરક સમજવામાં સતત મુંઝવણ થાય છે. પરમ પૂજ્ય દાદાશ્રી, જ્ઞાની પુરુષના કહેવા પ્રમાણે સંસારમાં ત્રણ જાતના સત્ય છે. એક ત્રિકાળ સત્ય બીજું રીલેટીવ સત્ય અને ત્રીજું અસત્ય. આ પુસ્તકમાં, પરમ પૂજ્ય દાદાશ્રીએ ત્રિકાળ સત્ય અને રીલેટીવ સત્યના અર્થની ચર્ચા કરી છે. ત્રિકાળ સત્ય, જેનો ક્યારેય નાશ થતો નથી; તે અનંત છે. તે આત્મા માટે છે. તમે શુદ્ધાત્મા છો તેનું ભાન થવું તે ત્રિકાળ સત્ય છે. આ અંતિમ સત્ય છે. રીલેટીવ સત્ય એ લોકોનું માનેલું કે ઠરાવેલું સત્ય છે; જે એક વ્યક્તિના દ્રષ્ટિકોણથી સત્ય છે તે બીજી વ્યક્તિના દ્રષ્ટિકોણથી સત્ય ન પણ હોય. રીલેટીવ સત્ય વ્યક્તિએ, વ્યક્તિએ બદલાઈ શકે. રીલેટીવ સત્ય એ રીલેટીવ જગત માં પ્રગતિ કરવા માટે મદદ કરી શકે, પરંતુ રીયલ પ્રગતિ માટે પરમ સત્ય જરૂરી છે. આ પુસ્તકમાં પરમ પૂજ્ય દાદાશ્રીના પરમ અને રીલેટીવ સત્યના સત્સંગો વાંચો અને સત્ય, અસત્ય અને સત્ નાં સ્વરૂપ વિષેની તમારી મુંઝવણ દૂર કરો. આવી સમજણ મુક્તિના પંથે આગળ વધવામાં મદદ કરશે. સત્ય એટલે જે છે તે. એને ફેરફાર કરી ને જે કહેવામાં આવે ત્યારે તે અસત્ય બની જાય.આટલું જ અંતર છે સત્ય ને અસત્ય વચ્ચે. પણ સત્ય ઘણીવાર સાપેક્ષ બની જાય છે. વ્યવહાર ની જિંદગી માં આચરણમાં ઘણી વખત અસત્ય બોલવું એ સત્ય બની જતું હોય છે.અહીં ઈરાદો મહત્વ નો બની જાય છે.

# વિશ્વભરમાં અપેક્ષાઓ અને આશંકાઓનો ગ્રાફ

આજકાલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી જે ઝડપે વિશ્વભરમાં અપેક્ષાઓ અને આશંકાઓનો ગ્રાફ વધી રહ્યો છે તે સ્પષ્ટ કરે છે કે આપણા દેશમાં પણ આ માટે અલગ મંત્રાલય બનાવવાનો સમય આવી ગયો છે. તેનાં વિવિધ પાસાઓ તપાસીને આ જરૂરિયાતનું મહત્ત્વ વધુ સારી રીતે સમજી શકાય છે. આ કોઈ સામાન્ય ખેલ નથી. આ કૃત્રિમ બુદ્ધિમત્તાના ચમકારાએ વિશ્વને દંગ કરી મૂક્યું છે, પણ એને કારણે માનવસંસાધનનું કેટલું દુઃખદ પતન થાય છે તે જોવાનું રહે છે. હજુ તો એના વીડિયો અને ફોટોજેનિક દુરુપયોગ જ આમ જનતાએ જોયા છે. પ્રજા જાણતી નથી કે આ કૃત્રિમ બુદ્ધિમત્તા સાત સાગર જેવી છે ને એના તળ માપવાનું કામ આસાન નથી. હમણાં જ સમાચારોમાં ટેસ્લા કંપનીનો એક રોબોટ ચમક્યો છે. જેણે કંપનીના એક એન્જિનીયરને પછાડી દીધો અને પોતાના તીક્ષ્ણ ન્હોરથી એને લોહીલુહાણ કરી મૂક્યો. આમ તો આ ઘટના બે વરસ જૂની છે પણ કંપનીના એક નવા અહેવાલમાં તે જગતના ચોકમાં રજૂ થઈ છે. અમેરિકાના ટેક્સાસની ટેસ્લા ફેક્ટરીનો એ રોબોટ જે તે સ્થળે પોતાના બે અન્ય સાથી રોબોટ સાથે સ્થિર ઊભો હતો. અન્ય રોબોટને સ્વીચ ઓફ કરી દેવામાં આવ્યા હતા પરંતુ આ રોબોટ બંધ કરવામાં આવ્યો ન હતો. એનો ઉપયોગ ન થતાં તે બે વરસથી અન્ય બે રોબોટની જેમ શિલ્પવત્ ઊભો હતો, પરંતુ જે ક્ષણે એને મોકો મળ્યો કે તુરત જ એન્જિનીયર પર હુમલો કર્યો. સામાન્ય રીતે કંપનીઓની આવી ઘટનાઓ લોકો વચ્ચે મૂકવામાં આવતી નથી. જ્યારથી ઓટોમેશનનો યુગ શરૂ થયો છે ત્યારથી મિકેનિકલ દુર્ઘટનાઓનો એક સિલસિલો ચાલુ થયો છે અને એનો કોઈ અંત નથી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો એક અર્થ એ થાય છે કે એમાં વિવેકશૂન્ય બુદ્ધિ હોય છે અને પરાકાષ્ઠાએ હોય છે. એટલે એનો વ્યાપ વધશે ત્યારે જોવા જેવી થશે. પંચતંત્ર જેવી પ્રાચીન કથાઓમાં પોતાના મિત્ર રાજા સુતા હતા ત્યારે એક વાનર એની રક્ષા કરતો હતો. રાજાના નાક પર મધમાખી બેઠી એટલે એ વાનરે તલવાર ચલાવી ને રાજાનું નાક કપાઈ ગયું. કૃત્રિમ બુદ્ધિમત્તા પણ મિત્ર થઈને એના માલિકનું નાક કાપનારી ચીજ છે. જો તમે એની સાથે કામ કરતી વખતે જરાક ઊંઘી ગયા તો નાક કપાયું સમજો. ટેસ્લાના જે રોબોટે બે વરસ શાન્ત રીતે ઊભા રહ્યા પછી બળવો કરીને એન્જિનીયરને પાડી દીધો એ રોબોટના પ્રોગ્રામિંગમાં ક્યાંય આવું વર્તન કરવાનું સોફ્ટવેર કે ઓટો કમાન્ડ નથી. છતાં એણે આવું વર્તન કેમ કર્યું તે એક કોયડો છે. પરંતુ આ વાત તેઓ છુપાવે છે, કારણ કે રોબોટિક્સ નામની નવી ઔદ્યોગિક શાખાને વિરાટ બનાવીને એમાંથી અબજો ડોલર કમાઈ લેવાની તેઓને ઝંખના છે. સામાન્ય લોકોના રોજિંદા જીવનમાં કૃત્રિમ બુદ્ધિમત્તાની વધતી જતી દખલ એ વાતનો પુરાવો છે કે લોકો તેનાથી સારી અને ખરાબ રીતે પ્રભાવિત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં એને જવાબદાર બનાવવાની જરૂર છે. ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે આ દિશામાં વિધાનસભા, કાર્યપાલિકા અને ન્યાયતંત્રના પ્રયાસો સામાન્ય લોકોની આકાંક્ષાઓ અને આશંકાઓને અનુરૂપ હોવા જોઈએ. એક સ્વતંત્ર અને સમર્પિત મંત્રાલય નવા ઘડવામાં આવેલા કાયદાઓમાં રહેલી ખામીઓને દૂર કરીને આ પ્રક્રિયાને સરળ બનાવી શકે છે. વ્યૂહાત્મક ક્ષેત્રોમાં એઆઈનો ઉપયોગ એ મહત્વનું પાસું છે. અન્ય દેશો અથવા નોન-સ્ટેટ એક્ટર્સની અનીચ્છનીય પ્રવૃત્તિઓ સામે રક્ષણ આપવાનું કાર્ય સરકારના નિર્દેશન હેઠળ થઈ શકે છે.

# વિશ્વમાં શાંતિ, રાષ્ટ્રની સુરક્ષા, અને સમાજની વ્યવસ્થા, માટે સ્વયં શિસ્ત એક અદભૂત મંત્રનું કામ કરી શકે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આજે આ વર્ષનો એટલે કે ૨૦૨૩નો છેલ્લો દિવસ અને એમાં પાછો રવિવાર, એટલે કે લેખ માટે સમાજ દર્શનનો દિવસ. એટલે વિચારતી હતી કે શું લખવું? ૨૦૨૩ ના આખા વર્ષ દરમિયાન કેટલી ઘટનાઓ ઘટી હોય, વૈશ્વિક રીતે, રાષ્ટ્રીય રીતે, અને સામાજિક રીતે એનું વિશ્લેષણ કરી અને હકીકતમાં આપણે કેટલી પ્રગતિ કરી છે એનો તાગ મેળવી શકાય. માનવીય મન એવું વિચિત્ર છે કે એણે ન વિશ્વની શાંતિ માટે કંઈ કર્યું ન્હોય! રાષ્ટ્ર ની સુરક્ષા માટે કંઈ કર્યું ન્હોય! સમાજની વ્યવસ્થા માટે પણ કંઈ કર્યું ન્હોય, છતાં એને દુનિયામાં શું ઉથલપાથલ થાય છે એની જાણકારીમાં સૌથી વધુ રસ હોય! એટલે એ રીતે આપણે આઝાદ ભલે થયાં પણ માનસિક રીતે હજી ગુલામ જ છીએ, અને જો આપણે આપણી માનસિકતા બદલીશું નહીં તો માત્ર સંખ્યાની રીતે વર્ષ નો આંકડો વધશે અને વધીને વૈજ્ઞાનિક શોધ વધશે પણ મૂળ માનવીય પણું તો આપણા પર જ નિર્ભર છે. આઝાદીનો અમૃત મહોત્સવ પણ ઉજવાઈ ગયો અને આઝાદીને આટલા વર્ષો વીત્યા હોવા છતાં સમાજમાં હજી જોઈએ તેટલી શાંતિ સ્થપાઈ નથી, એ હકીકતને નજર અંદાજ કરી શકાય નહીં, છતાં એ વાત એક બાજુ મૂકીએ અને વૈશ્વિક રીતે વિચારીએ તો વિશ્વ આખું આમ જુઓ તો આજથી ૨૩ વર્ષ પહેલાં ૨૧મી સદીમાં પહોંચી ગયું છે. પણ પરિસ્થિતિ દિવસેને દિવસે અત્યંત તંગ થતી જાય છે. દરેક દેશની આર્થિક સ્થિતિ નબળી થતી જાય છે, કારણ કે જ્યાં જુઓ ત્યાં કુદરતી આપત્તિ અને પોતાના દેશની મહત્તા વધારવા માટે થતા યુદ્ધો ને કારણે શહેરોના શહેરો તબા થઈ જાય છે જંગી માત્રામાં લોકો મૃત્યુ પામે છે, અને છતાં એ બાબત એટલું ગંભીરતાથી કોઈ વિચારતું નથી. ઉપરથી સરહદોને રક્ષવા હથિયારની ખરીદી માટે અધધધ રૂપિયા ખર્ચવા પડે છે! અને એટલે મોંઘવારી પણ ઘટતી નથી.

તો ચીન જેવા દેશમાંથી કોઈ ને કોઈ રીતે કોરોનાના નવા નવા વોરીએન્ટ ત્યાંના લોકો મારફતે વિશ્વ આખામાં સપ્લાય થાય છે, અને એટલે આરોગ્ય ક્ષેત્રે પણ નાણાં ફાળવવા પડે. ગમે તે સરકાર હોય બધો આધાર અર્થતંત્ર પર જ હોય! ભારતમાં વેપારીઓ ને છટકવાનાં કેટલાય માર્ગ હોય એટલે, અને એ અંતે એ બધું છે તો આખરે આપણી કડ પર જ, આ ઉપરાંત વ્યક્તિગત રીતે આર્થિક અને સામાજિક સ્તરે પણ માનવી એ કેટલાંય ક્ષેત્રે જજુમીને પોતાના અસ્તિત્વને બચાવવાનું હોયને એ નીતિ ચૂક કરે એ બહુ સ્વાભાવિક વાત છે. રાષ્ટ્રીય અને સામાજિક વિકાસની વાત કરીએ તો થોડા પાછળ જઈએ તો ગોધરા કાંડનો ચાલતો કેસ અને તેનો ઐતિહાસિક ચૂકાદો. ઈલેક્ટ્રીક વાહનો અને રીન્યુએબલ સતત વૃદ્ધિને કારણે લિથિયમની માંગ અગામી વર્ષમાં વધશે અને, એટલે લિથિયમના વિકલ્પો વિશે સંશોધન કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૩ માં શેરોમાં ૧, ૬૨ ૦૦૦કરોડની થયેલી ખરીદી. ક્રૂડ તેલમાં ઉછળ કૂદ, સોના ચાંદીમાં તોફાની તેજી, નોટબંધી વખતે લવાયેલી રૂપિયા ૨૦૦૦ ની ચલણી નોટ પાછી ખેંચાઈ, ભારતની પોતાની ડિજિટલ કરન્સી. ૨૦૨૩ નું વર્ષ બોલીવુડ માટે શુકનવંતુ છે શાહરૂખ સની દેઓલ રણબીર અક્ષય અને સલમાનને સારી એવી કમાણી કરતી ફિલ્મો આપી.

બેંકમાં બિન વાર્ષિક ડિપોઝિટ ૪૨ ૨૭૦ કરોડ રૂપિયા ભારતના નાણામંત્રી નિર્મલા સીતારામ અને બેંકોને કહ્યું કે અબજો રૂપિયાના દાવેદાર શોધી કાઢો. ઓનલાઈન ટ્રાન્જેક્શન વધ્યું અને એને કારણે ઓનલાઈન સ્કેમ પણ વધ્યાં. ૨૦૨૩ માં દુનિયાની અગ્રણી બેંકોએ ૬૦,૦૦૦ નોકરીઓ ઘટાડી. વેરાની વધુ વસુલાત છતાં પણ રાજકોષીય ખાદ બજેટ અંદાજ કરતા વધી જવા ધારણા. આપણી પ્રજાને વિદેશ વસવાનું એટલું બધું આકર્ષણ છે, કે કબુતર બાજી એટલે કે ગેરકાયદેસર યુએસએ માં મોકલાતા ૧૧ ગુજરાતી અને ૬ એજન્ટો ઓળખાયા. શશી રેડી નામના ઈમિગ્રેશન માફિયા મારફતે અત્યાર સુધીમાં ૧૨૦૦ લોકોને આ રીતે અમેરિકા મોકલ્યા. શાહરુખ ખાનની નવી ફિલ્મ ડંકી આને રિલેટેડ જ છે.

સ્પોર્ટ્સની વાત કરીએ તો ગાજ્યા મેઘ વરસે નહીં અને ભસ્યા કુતરા કરડે નહિ, એમ ભારતીય ટીમ વર્લ્ડ કપ હારી ગઈ, અને છતાં બધાએ હારને છાવરી. વ્યક્તિગત રીતે વિરાટ કોહલી વન-ડેમાં ૫૦ સદી કરી, હિટમેન રોહિત શર્માની કેપ્ટનસી નો અંત, મહિલા ક્રિકેટની કમાલ. બીસન સિંઘ બેદી અને સલીમ દુરાનીની ચીરવિદાય થઈ. તો બીજી બાજુ એશિયન ગેમ્સ એથલેટિક્સમાં ભારત સિદ્ધિના શિખરે નિરજ ચોપરા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ સાથે ભારતનો પહેલો વર્લ્ડ ચેમ્પિયન બન્યો, અને એશિયન ગેમ્સમાં ભારતે ૧૦૭ પદક પ્રાપ્ત કર્યા. એમ તો બાબરી ધ્વંસનો ચૂકાદો આયોધ્યામાં રામ મંદિર નિર્માણ, અને હવે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ એ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે! એ પણ અવિસ્મરણીય ઘટના. આ ઉપરાંત ચંદ્ર યાન ૩નું સફળ લેન્ડિંગ થયું! એમાં થી છૂટાં પડેલાં રોજર ત્યાં ના વાતાવરણથી આપણાં સાઈન્ટિસ્ટને અપડેટ કરશે. આદિત્ય ઈલેવન પણ એની દિશામાં કામ કરી રહ્યું છે. રાજકીય વાદળ પણ પ્રમાણમાં સ્થિર રહ્યા. કાશ્મીર જેવા રાજ્યમાં ઘણી શાંતિ રહી. કલમ ૩૭૦ ની બંધારણ માંથી બાદબાકી કરી, અને રાજકીય રીતે સળગતા પ્રશ્નોનો નિવેડો આવ્યો. G20 નું ભારતમાં આયોજન થવું એમાં સામેલ દેશ સાથે વૈશ્વિક શાંતિ મુદ્દે પોતાનાં મત મુકવા. સરકાર એ ઉલ્ફા સાથે શાંતિ કરાર કર્યા અને આસામનાં અલગ અસ્તિત્વ પર પૂર્ણવિરામ મુકાયું. છેલ્લા સમાચારોની વાત કરીએ તો હમણાં જ તાજા સમાચાર એટલે કે ગિફ્ટ સિટીમાં વાઈન એન્ડ ડાઈન સર્વ કરવામાં આવશે! ગાંધીના ગુજરાતની આમ પણ દારૂબંધી હોવા છતાં દૂરદર્શન હતી અને એમાં પણ હમણાં તો ન્યુયર પાર્ટી અને ક્રિસ્મસ એન્જોય ના નામે ગુજરાતમાં કરોડો રૂપિયાના દારૂનું પી રીતે વેચાણ થઈ રહ્યું છે, ગઈકાલે આરજે દેવકીનો એક વીડિયો જોયો એમાં અમદાવાદમાંથી જ લાખોનો દારૂ પકડાયો. એટલે આ સારું સાબિત થશે કે ખોટું એ તો આગળ પર ખબર પડશે પરંતુ હવે ધીરે ધીરે સુરતના ડાયમંડ બૂર્સ પણ પરમિટ મેળવવા માટે તત્પર છે.


ગુજરાતમાં ૫૨૦૦૦ પરમીટ ધારકો હતા એમાંથી હંગામી રીતે પરમીટ અપાઈને આજે ત્રણ લાખ સુધી આંકડો પહોંચી ગયો છે. ગિફ્ટ સિટીમાં દારૂની છૂટને કારણે સરકારને ૧૦૦૦ કરોડની આવકનો અંદાજ છે. ઘટનાઓ તો કેટલી એક હતી હશે અને એ મુજબ સમાચાર પણ પ્રવર્તમાન થયા હશે પરંતુ મૂળ વાત ત્યાં છે કે માનવી જ્યાં સુધી સ્વયં શિસ્ત ને અનુસરશે નહીં ત્યાં સુધી એ સામાજિક વિકાસને સાધી શકશે નહીં?

વ્યક્તિગત ઉંમર જેમ વધે એમ આપણે પણ એવું મેચ્યઓડ વર્તન કરવું ઘટે! પણ નહીં આપણે તો ઉલટાના બાલીશ થતાં જઈએ છીએ. ૨૦૨૪ ના વર્ષને ફટાકડા ફોડીને ભલેના ઉજવીએ પણ અમુક પ્રકારના સંકલ્પ તો જરૂર કરીએ. જેમ કે વિકાસ માટે વ્યક્તિગત રીતે જે કરવું પડે તે કરીશું, અને વધુને વધુ પોઝિટિવ રહેવા માટે પ્રયત્ન કરીશું. પહેલા પિક્ચરમાં અને વિદેશમાં જોવા મળતા મોટા મોટા મોલ અને કોર્પોરેટ કંપનીઓ ની ઓફીસ વગેરે જોઈને એમ થતું કે આપણે આવું ક્યારે થશે! આજે એ બધું જ થયું ટેકનોલોજીની રીતે પણ આપણે આદ્યતન થતાં જઈએ છીએ! છતાં આપણી માનસિકતા કંઈ હજી એટલી બદલી નથી! તો વિશ્વમાં શાંતિ રાષ્ટ્રની સુરક્ષા અને સમાજની વ્યવસ્થા માટે આપણે પોતે જ સ્વયં શિસ્તનાં મંત્રથી દિક્ષિત થઈ જીવન જીવવા કટિબદ્ધ થઈએ! તો ૨૦૨૪ નાં વર્ષમાં આપણે બધી રીતે આગળ વધી શકાય!!! જય હિન્દ.

# ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છે, વિદ્યામદ, યૌવન મદ, દ્રવ્ય મદ, અધિકારમદ, આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલો લાગે છે. કુંતાય દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુખાય નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનું છું. સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે. હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તપારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે. ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છે:વિદ્યામદ,યૌવનમદ, દ્રવ્ય મદ્,અધિકારમદ.આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છે કે પ્રોફેસર છું. પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી!ભણેલા લોકોને ભજન માં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે? ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છે અને મારું અપમાન કરે છે. આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે! મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છે કે દુષ્ટોનો વિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે. કુંતાજી કહે છેકે,જ્યારે તમેગોકુળ માં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલ સ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી.એ વખતેયશોદા એ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છે તે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય. મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં વખાણ કરે છે.

પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે. સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે. ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે. કુંતાજીના મહેલ માં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે,શ્રીકૃષ્ણ મારા સખા છે. મારા માટે પાછા આવ્યા છે. કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભીરહી એટલે પાછા આવ્યા છે. દ્રૌપદી કહે,ના રે, શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે. સુભદ્રા કહે છે,તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું. એટલે મારા માટે તેઓ પાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે. પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં. એ તો સર્વથી ન્યારો છે. શ્રીકૃષ્ણ કહે છે હું કોઈ સગાઈ ને માનતો નથી.માત્ર પ્રેમ સગાઈમાં માનું છું. હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું. મને ભીષ્મ યાદ કરે છે. ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે.તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે. સંતનો જન્મ આપણા જેવો હોય છે, તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી. પરંતુ સંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણ તિથિ ઊજવાય છે. ભીષ્મ પિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિઓ ત્યાં આવ્યા છે. ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહે છે.

બધા બાણ ગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે.બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે. તેમણે કાળને કહ્યું હું, હું તારો નોકર નથી. મારા શ્રીકૃષ્ણનો સેવક છું. મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે જરૂર આવીશ. પણ તેઓ કેમ હજુ દેખાતા નથી? મારા નારાયણ આવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ. આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે.ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે.ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી,આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી. દાદાજી, બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે. આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું, ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે.

હું અખંડ સૌભાગ્યનું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને! શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે દાદાજી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજે ને ભાનુમતિ કહે, ભલે,તો કાલે ડોસા ને ગમે ત્યારે મળાશે.પછી શ્રીકૃષ્ણે દ્રૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા. ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે.આજે ભગવાન દ્રૌપદીના ખવાસ થઈને આવ્યા છે. દ્વારપાળે અટકાવ્યા. પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે,અખંડસૌભાગ્યવતી ભવ દ્રૌપદી બોલી,દાદાજી,તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે, સાચા હૃદયથી નહીં. સાચા હૃદયથી તને આશી વાર્દ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે?હ, શ્રી કૃષ્ણનું જ આ કામ.

ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા. શ્રીકૃષ્ણને કહે, આજે તો હું આપનું ધ્યાન કરું છું,પણ અંતકાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી.માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો. તે વખતે મને લેવા આવ જો! તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મપિતા ને વચન આપેલું કે હું જરૂર આવીશ તેમને આપેલું એ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે, પણ અંતકાળે દુઃખથી દેહન સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ ભીષ્મપિતા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છે કે,મને બેસવાનું પણ નહીં કહે? પુંડલિક ની સેવા મને યાદ આવે છે.નુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે. મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની મેં કદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે. રોજ પ્રાર્થના કરો કે, નાથ,મારું મરણ સુધારજો.

શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ રો અને પ્રભુને રીઝવો.શ્રીકૃષ્ણ કહે, દાદા, આ ધર્મરાજાને થાય છે કે મેં બધા ને માર્યા છે. મારે લીધે સર્વ નાશ થયો!નમને શાંતિ મળે તેવો ઉપ દેશ આપ કરો. ભીષ્મપિતા કહે છે, ધર્મરાજાની શંકાનું સમાધાન પછી કરીશ. પહેલાં મારી એક શંકાનું -સમાધાન કરો. મારા પ્રશ્નનો જવાબ આપો. મારું જીવન નિષ્પાપ છે, મારું મન પવિત્ર છે, મારું તન વ્યવિત્ર છે, મારી ઈન્દ્રિયો પવિત્ર છે,છતાં આજે મને આ સજા કેમ થાય છે? મારે બાણની શૈયા ઉપર સૂવું પડ્યું છે. મને અતિશય વેદના થાય છે. હું નિષ્પાપ છું છતાં મને આ સજા કેમ? કેમ સજા કરો છો?ત્યારે ભગવાન કહે છે, દાદાજી, આપે પાપ કર્યું નથી તે વાત સાચી છે. તેથી તો હું આપને મળવા આવ્યો છું. પાપ કર્યું નથી, પણ આંખથી પાપ જોયું છે. આપે પાપ જોયું તેની સજા છે. કોઈ પાપ કરે તે તમે જુઓ તો એ પણ પાપ છે. વાચક ચાહક મિત્રો,આજે થર્ટી ફર્સ્ટ ડીસેમ્બર-૨૦૨૩ રવિવાર આવતી કાલથી ૨૦૨૪ના નવા વર્ષની શરૂઆત થશે નવું આપ તથા આપના પરિવાર માટે સર્વદા શ્રેષ્ઠ મંગળકારી સુખ સમૃદ્ધિમય આરોગ્યપ્રદ બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

## શું તમે પણ એસિડિટી અને ગેસ જેવી સમસ્યાથી કંટાળ્યા છો?



ઘણી વખત તીખો તમતમતો ખોરાક ખાવાથી આપણને એસીડીટી અને ગેસની સમસ્યા થઈ જતી હોય છે તો ખાધા બાદ બેસી રહેવાની કે સુઈ જવાની ટેવને કારણે અપચાની સમસ્યા સતાવતી હોય છે. તેવામાં સૌથી પહેલા તો આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કેટલીક ઘરેલુ આસાન ટિપ્સ છે જે ફોલો કરવી જોઈએ. એસીડીટી અને અપચાની સમસ્યાથી ન ફક્ત ખાટા ઓડકાર આવે છે કે પછી પેટનો દુખાવો થાય છે પણ ઘણી વખત માથુ દુખવા લાગે છે અને વોમિટિંગ પણ થાય છે. તેવામાં કેટલીક સામાન્ય બાબતોનું જો ધ્યાન રાખવામાં આવે તો આવી તકલીફ માંથી મુક્તિ મળી શકે છે. ખાઈને તરત સૂવાની ટેવ હોય તો તરત જ તેનાંથી દૂર રહો. જમ્યા બાદ ચાલવાની ટેવ પાડો. આપની જમ્યા બાદ ચાલવાની ટેવ પાડશો તો ન ફક્ત એસીડીટી અને અપચાની સમસ્યાનું નિવારણ નહીં આવે પણ સાથે સાથે પેટ પર જામતી ચરબીનાં થ પણ ઘટશે. ખૂબ જ વાયુ થયો હોય તો, દિવસમાં અડધી ચમચી અજમો ગરમ પાણી સાથે લો. જેના કારણે પેટના દુખાવામાં અને હ્રદયના દુખાવામાં રાહત મળશે. અજમા સાથે થોડું સિંધાલૂણ અને લીંબુનાં બે-ત્રણ ટીંપાં પણ અક્સિર ઈલાજ છે. જો દિવસમાં ગોળ અને સૂંઠને ભેળવી ત્રણ વાર લેવાથી ગેસ અને પિત્તની સમસ્યા દૂર થાય છે. ગેસની તકલીફ દૂર કરવા, શેકેલા કાચકા અને મરી સરખાભાગે લઈ પાવડર બનાવી ફાકી કરવાથી ગેસમાં ચોક્કસથી રાહત મળે છે. શરીરમાં વધુ એસિડ બનવાના કારણે એસિડિટીની સમસ્યા થઈ જાય છે. તેના ઘણા કારણ હોઈ શકે છે, જેમ કે મસાલેદાર ભોજન. જો તમે આ સમસ્યાથી છુટકારો મેળવવા માંગો છો તો આયુર્વેદના ૩ ઉપાયો જરૂર અપનાવો. જે લોકો એસિડિટીની સમસ્યાથી પરેશાન છે, તેઓ જ જાણે છે કે તેના કારણે કેટલી ટેસ્ટી વસ્તુઓ ખાવાનું છોડવું પડે છે. કારણ કે તળેલુ અને મસાલેદાર ખાવાથી એસિડિટી અને હાર્ટ બર્નની સમસ્યા ગંભીર થઈ શકે છે.

# મુલતાની માટીમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવો, ગાયબ થઇ જશે ખીલના ડાઘ

ચહેરા પર ખીલ થયા છે અને સાથે ડાઘા પડ્યા છે તો તમે મુલતાની માટીમાં એલોવેરા જેલ મિક્સ કરીને લગાવો. એલોવેરા જેલમાં એન્ટી ઓક્સિડન્ટ્સ અને એન્ટી ફંગલ ગુણ હોય છે જે તમારી સ્કિનને અંદરથી ક્લિન કરીને ખીલ દૂર કરે છે અને સાથે ફેસ પરના ડાઘા પણ દૂર કરે છે. અઠવાડિયામાં એક વાર મુલતાની માટી લગાવોઃ તમારા ફેસ પર બહુ ખીલ થયા છે તો તમે અઠવાડિયામાં એક વાર મુલતાની માટી લગાવો. મુલતાની માટી તમારે ડાયરેક્ટ નહીં પરંતુ આ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાની રહેશે. તમને જણાવીએ મુલતાની માટીમાં કઈ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાથી ચહેરા પરના ડાઘથી રાહત મેળવી શકાય છે.

ટીન એજમાં શરીરમાં થનારા હોર્મોનલ બદલાવના કારણે ફેસ પર ફોલ્લીઓ નીકળી આવે છે, જેનાથી ચહેરાની ચમક ફિક્કી પડી જાય છે. તેનાથી છુટકારો મેળવવા માટે છોકરા-છોકરીઓ મોંઘીદાટ ક્રીમનો ઉપયોગ કરે છે, જ્યારે તેનો ઈલાજ આયુર્વેદમાં છે. ચહેરા પર ખીલ થાય છે તો તમે મુલતાની માટીમાં મધ મિક્સ કરીને ચહેરા પર લગાવો. મધ મિક્સ કરીને ચહેરા પર મુલતાની માટી લગાવવાથી સ્કિન અંદરથી ક્લિન થાય છે. મધ સ્કિન પર લગાવવાથી ડ્રાયનેસ પણ દૂર થાય છે. તમે મુલતાની માટીથી તમારી ખૂબસૂરતી પાછી મેળવી શકો છો. તો ચાલો જાણીએ તેમાં કઈ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાથી ચહેરા



પરના ડાઘ અને ફોલ્લીઓ દૂર કરી શકાય છે. મુલતાની માટીનો ફેસપેક બનાવવા માટે એક વાટકી લો પછી તેમાં ૨ ચમચી મુલતાની માટી અને ગુલાબ જળ કે સાદુ પાણી મિક્સ કરો, તેવામાં જો તમારી સ્કિન ઓઈલી હોય તો પછી તેમાં લીંબુના રસના થોડા ટીપાં પણ મિક્સ કરી શકો છો. મુલતાની માટીમાં એવા અનેક ગુણ છે જે ત્વચાને સાફ કરવાની સાથે ડેડસ્કિનને દૂર કરે છે.

જો કે ઘણી વખત ડ્રાય સ્કિનમાં મુલતાની માટી લગાવવામાં આવે તો સ્કિન વધુ ડ્રાય થઈ જાય છે. તેથી મુલતાની માટીનો પ્રયોગ કરતા પહેલા અમુક વાતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. અનેક લોકો ચહેરા પર મુલતાની માટી લગાવતા હોય છે. મુલતાની માટી એન્ટી ઓક્સિડન્ટ્સથી લઈને બીજા અનેક પ્રકારના ગુણો રહેલ હોય છે. મુલતાની માટી તમે ચહેરા પર પ્રોપર રીતે લગાવો છો તો ફાયદો થાય છે નહીં તો નુકસાન થાય છે. મુલતાની માટી ક્યારે પણ ગરમીમાં ડાયરેક્ટ એપ્લાય કરશો નહીં.

આમ કરવાથી સ્કિનને અનેક ઘણું નુકસાન થાય છે. આમ, મુલતાની માટી લગાવતી વખતે અનેક લોકોના મનમાં પ્રશ્ન થતો હોય છે કે શું મુલતાની માટી લગાવવાથી ખીલ થાય? તમારા મનમાં પણ આ પ્રશ્ન થાય છે તો જાણો અહીં જવાબ. આમ, તમને જણાવી દઈએ કે તમારા ચહેરા પર ખીલ છે તો તમે મુલતાની માટીમાં હળદર અને ગુલાબ જળ મિક્સ કરીને લગાવો. આમ કરવાથી સ્કિન મસ્ત થઈ જાય છે અને સાથે ખીલમાંથી છૂટકારો મળે છે.

જ્યારે ડ્રાય અને સેંસેટિવ સ્કિન વાળા ફેસ પેકમાં મધ મિક્સ કરી શકો છો, તે ચહેરાને મોઈશ્ચર કરે છે. ખીલ અને સોજો ઓછો કરવા માટે તેમાં એક ચપટી હળદર મિક્સ કરો. તમે તેને વધુ ઈફેક્ટિવ બનાવવા માટે એલોવેરા જેલ પણ મિક્સ કરી શકો છો. હવે તમે તેમાં પાણી એડ કરીને મુલતાની માટીની પેસ્ટ તૈયાર કરી લો. કોઈપણ ફેસપેક લગાવતા પહેલા ચહેરાને સારી રીતે સાફ કરી લો. તે બાદ વાળને સારી રીતે બાંધી લો. પછી તમે બ્રશ કે પછી આંગળીથી આંખ અને હોઠને બચાવતા, પેસ્ટને તમારા ચહેરા અને ગરદન પર સમાન રૂપે લગાવી લો. આ પેકને તમે ૧૫થી ૨૦ મિનિટ લગાવી રાખો. જ્યારે પેક સંપૂર્ણ રીતે સૂકાઈ જાય તો તેને હુંફાળા પાણીથી ધોઈ લો. પછી ટુવાલથી ચહેરાને સૂકવી લો અને ફેસ પર મોઈશ્ચરાઈઝર અપ્લાય કરો.

## લગાવો ડુંગળીનો રસ અને જુઓ વાળમાં ચમત્કારી ફાયદઓ

હેર કેર રૂટિન અપનાવ્યા પછી પણ, વાળ ખરવાની, ડ્રાયનેસ અને ડેમેજ હેરની સમસ્યા દૂર થતી નથી. આવી સ્થિતિમાં ડુંગળીના રસનો ઉપયોગ તમારા માટે બેસ્ટ હોઈ શકે છે. જાણો વાળ માટે ડુંગળીના રસનો ઉપયોગ કેવી રીતે કરવો. હેર ફોલ પર રોક લગાવવામાં ડુંગળીનો રસ ખૂબ જ લાભકારક હોય છે. તેને તમે ૩ રીતે વાળ પર અપ્લાય કરી શકો છો. લાંબા અને ભરાવદાર વાળ હોય પરંતુ વધતા પ્રદૂષણ અને ખરાબ ખાન-પાનના કારણે ઘણા લોકોની ઈચ્છાઓ પર પાણી ફરી વળે છે.



વાળ વધવાના બદલે ખરવા લાગે છે. તેવામાં તેના પર રોક લગાવવા માટે હોમ રેમેડીનો સહારો લેવામાં આવે છે. હેર ફોલ પર રોક લગાવવામાં ડુંગળીનો રસ ખૂબ જ લાભકારક હોય છે. તેને તમે ૩ રીતે વાળ પર અપ્લાય કરી શકો છો, તો ચાલો જાણીએ તેના વિશે. ડુંગળીનો રસ સલ્ફરથી ભરપૂર હોવાની સાથે એન્ટીઓકસીડેન્ટ તત્વોથી પણ ભરપૂર હોય છે. આવી સ્થિતિમાં વાળ પર ડુંગળી લગાવવાથી વાળ ખરવાથી છુટકારો મેળવવામાં મદદ મળે છે, પરંતુ સ્કેલ્પમાં ખોડો પણ ઓછો થાય છે. ડુંગળીના રસને વાળ માટે સંજીવની બૂટી માનવામાં આવે છે. તે માટે તમારે ૫-૬ ચમચી ડુંગળીના રસને દહીં સાથે મિક્સ કરી સ્કેપ્લ પર લગાવવાનો છે. તેને ૨૦ મિનિટ સુધી છોડી દો અને પછી માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. તેનાથી તમારા વાળ લાંબા થવા લાગશે.



## દૂધ અને ઘીની તાકાત

દૂધ પોષક તત્વોનું પાવરહાઉસ છે. ઘણા લોકો દૂધના ગ્લાસમાં થોડું ઘી મિક્સ કરીને પીવાની સલાહ આપે છે. ઘીવાળું દૂધ તમારી ઓવરઓલ હેલ્થ માટે એક ઉમદા મિશ્રણ છે અને રાતે તેનું સેવન કરવાથી સારી ઉંઘ આવે છે. ઘી અને દૂધ બંને વિટામિન, એન્ટીઓક્સિડેંટ, હેલ્ધી ફેટ અને અનેક જરૂરી મિનરલ્સનો ઉમદા સ્રોત છે.

રિસર્ચ અનુસાર, દરરોજ સીમિત માત્રામાં ઘીનું સેવન કરવાથી તમારા શરીરને જરૂરી વિટામિન અને મિનરલ મળે છે, જેનાથી તમામ શારીરિક કાર્યોમાં મદદ મળે છે. આ જ રીતે દૂધ તમારા શરીરમાં પોષક તત્વોની ઉણપ દૂર કરવામાં મદદ કરવા માટે જાણીતું છે. સદીઓથી જરૂરી પોષક તત્વો માટે દૂધને તમારા ડાયેટમાં સામેલ કરવાની સલાહ આપવામાં આવે છે. શરીરમાં કમજોરીના કારણે નાની મોટી બીમારીઓ પરેશાન કરતી રહે છે. કમજોરીના કારણે હૃદય અને દિમાગનું કામકાજ પણ મંદ પ ડી શકે છે. આયુર્વેદમાં કેટલાંક ખાદ્યપદાર્થોને દરરોજ ખાવાની સલાહ આપવામાં આવે છે, જે કમજોરી દૂર કરવામાં મદદ કરે છે. જેમાં સૌથી પહેલાં દૂધનું નામ આવે છે, જે તાકાતનો ભંડાર છે. કમજોરી અથવા ઓછા વજનની સમસ્યાને દૂર કરવા માટે આ નુસખાને અજમાવી શકાય છે. રિસર્ચ અનુસાર, દૂધ અને દેશી ઘી બંનેમાં પ્રોટીન, કેલ્શિયમ, હેલ્ધી કેલેરી, હેલ્ધી ફેટ્સ રહેલું છે જે માસપેશીઓને અને હાડકાંને મજબૂત બનાવે છે. આયુર્વેદ પ્રમાણે એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું દૂધ અને મિશ્રી મિક્સ કરીને નિયમિત પીવાથી શારીરિક, માનસિક અને મગજનો થાક દૂર કરો છો. આ દૂધ શરીરને મજબૂત બનાવે છે.

જો ગર્ભવતી મહિલા આ દૂધનું સેવન કરે છે તો ગર્ભમાં બાળક સ્વાસ્થ્યમંદ અને બુદ્ધિમાન બને છે. દૂધમાં ઘી નાખવાથી મૂળ તરીકે ઘી બની જાય છે જેથી અદભુત સ્વાદ પ્રાપ્ત થાય છે. વધુ સૂક્ષ્મ વિગતો માટે, દૂધમાં મોટી કણો જેવા લક્ષણો દેખાય તો આ સંભવ છે કે તેમાં ઘીનો સંચય થાય છે. તેથી જો તમે ઘી વાળા દૂધનો સ્વાદ અનુભવ કરવા માંગતા હો, તો દૂધમાં થોડો ઘી નાખી તેનો સ્વાદ પ્રસન્ન કરી શકો છો. પરંતુ જો તમે ડાયાબિટીઝ કે વજન વધારનાર છો તો દૂધ અને ઘી નાખવાની અનુશાસનપૂર્વક જરૂર છે. દૂધ અને ઘી સ્લીપ ક્વોલિટીમાં કરે છે સુધાર : આપણામાંથી ઘણા લોકો સૂતા પહેલા એક ગ્લાસ ગરમ દૂધ પીવે છે. શું તમે ક્યારેય વિચાર્યુ છે કે આવું કેમ? આવું આ કારણે કેમ કે દૂધ ટ્રિપ્ટોફેનનો એક જરૂરી સ્રોત છે. એક જરૂરી એમિનો એસિડ જે તમારા મગજને આરામ આપે છે.

## બોલિવૂડ-હોલિવૂડ

BOLLYWOOD NEWS FLASH

## અભિનેતા પ્રભાસની સાલાર ૩૦૦ કરોડને પાર થઈ



### એક જ અઠવાડિયામાં કરી મોટી કમાણી

। મુંબઈ, તા.૩૦ ।

જ્યારથી સુપરસ્ટાર પ્રભાસ અને KGFના ડિરેક્ટર પ્રશાંત નીલે જાહેરાત કરી કે તેઓ એક સાથે એક ફિલ્મ કરવા જઈ રહ્યા છે, ત્યારે ચાહકોને ખાતરી હતી કે થિયેટરોમાં પ્રભાસ મોટું તોફાન લઈને આવશે. પ્રભાસ અને નીલની ફિલ્મ 'સાલાર' એક અઠવાડિયાથી સિનેમાઘરોમાં લોકોને ભરપૂર મનોરંજન આપી રહી છે. શુક્રવારે સિનેમાઘરોમાં પહોંચેલી 'સાલર'ને વિવેચકો તરફથી નક્કર પ્રતિસાદ મળ્યો અને ફિલ્મને લોકો તરફથી પણ નક્કર પ્રતિસાદ મળ્યો. ફિલ્મમાં પ્રશાંત નીલે જે રીતે પ્રભાસને રજૂ કર્યો છે તે દર્શકોને ખૂબ જ રસપ્રદ લાગી રહ્યો છે. ફિલ્મનું એક્શન અને વિઝ્યુઅલ જબરદસ્ત છે. 'સાલર', જે મનોરંજનનું સંપૂર્ણ પેકેજ લઈને આવ્યું છે, તે ૨૦૨૩ના સૌથી મોટા ઓપનિંગ કલેક્શન સાથે ફિલ્મ બની છે. હવે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર એક સપ્તાહ પૂર્ણ કરી લીધું છે અને સાત દિવસમાં કમાણી મામલે રેકોર્ડ તોડી રહી છે. સલાર ૨૨ ડિસેમ્બરે થિયેટરોમાં રિલીઝ થઈ હતી.



## ધ લેડી કિલર વર્ષ ૨૦૨૩ની મહા-બકવાસ ફિલ્મ ગણવામાં આવી હતી

। મુંબઈ, તા.૩૦ ।

વર્ષ ૨૦૨૩ હિન્દી સિનેમાના ઘણા સ્ટાર્સ માટે ખૂબ જ સારુ સાબિત થયું. તેવામાં કેટલાંક સ્ટાર્સ માટે આ વર્ષ તે વર્ષોમાં સામેલ થયું, જે તેઓ ક્યારેય યાદ પણ નહીં કરવા માગે. મોટા બેનરની 'પઠાન', 'કિસી કા ભાઈ કિસી કી જાન', 'શહજાદા', 'તુ જૂઠી મે મક્કાર', 'ભોલા', 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની', 'જવાન', 'એનિમલ', 'ડંકી', 'ડ્રીમ ગર્લ ૨', 'સત્ય પ્રેમ કી કથા', 'ટાઈગર ૩'થી લઈને 'આદિપુરુષ' સુધી ઘણી ફિલ્મો રિલીઝ થઈ. આ ફિલ્મો વચ્ચે એક એવી ફિલ્મ પણ આવી જેમાં બે ફેમસ સ્ટાર્સે લીડ રોલ કર્યા, પરંતુ ફિલ્મ મહા-બકવાસ સાબિત થઈ. શાહરુખ ખાનની 'પઠાણ'-'જવાન', સની દેઓલની 'ગદર ૨', સલમાનની 'ટાઈગર ૩', રણબીર કપૂરની 'એનિમલ'થી લઈને પ્રભાસની 'સાલાર' આવતાની સાથે જ બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ હતી. આ ફિલ્મોમાં ઘણી એવી ફિલ્મો હતી જે લોકોને બિલકુલ પસંદ નહોતી આવી. પરંતુ શું તમે તે ફિલ્મ વિશે જાણો છો, જે ઠીકઠાક બજેટમાં બની હતી અને ૧ ટકા પણ કમાણી કરી શકી ન હતી અને વર્ષ ૨૦૨૩ની મહા-બકવાસ ફિલ્મ સાબિત થઈ હતી. આ વર્ષે ૩ નવેમ્બરે અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકરની એક ફિલ્મ રિલીઝ થઈ હતી, જેનું નામ હતું 'ધ લેડી કિલર'. આ ફિલ્મનું ડાયરેક્શન અજય બહલે કર્યુ હતું. જો કે વર્ષ ૨૦૨૩માં ઘણી ફલોપ ફિલ્મો આવી પરંતુ 'કિસી કા ભાઈ કિસી કી જાન', 'ગણપત' અને 'સેલ્ફી' જેવી ફિલ્મો મહા ફલોપ સાબિત થઈ. આ ફિલ્મને આ વર્ષે IMDb પર ૧.૫નું સૌથી ઓછું રેટિંગ મળ્યું છે. રિલીઝ પહેલા, અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકરની ફિલ્મ 'ધ લેડી કિલર' વિવાદોમાં આવી હતી. આ વર્ષની એવી ફિલ્મ છે જેને લીડ સ્ટાર્સે પ્રમોટ પણ નથી કરી. ડિરેક્ટર અજય બહલે દાવો કર્યો હતો કે રિલીઝ પહેલા ફિલ્મ પૂરી રીતે કંપ્લીટ થઈ ન હતી. હકીકતમાં, જ્યારે ફિલ્મ ભૂંડી રીતે ફલોપ થઈ, ત્યારે ડિરેક્ટર અજય બહલે સ્વીકાર્યું કે ફિલ્મ અધૂરી રિલીઝ થઈ હતી. તેણે કહ્યું હતું કે ૧૧૭ પેજની સ્ક્રીનપ્લેમાં ૩૦-૪૦ પેજ શૂટ થવાના બાકી હતા પરંતુ તે પહેલા તેને રિલીઝ કરવાની હતી અને તે પણ અધૂરી હતી. જોકે, બાદમાં તેણે પોતાનું નિવેદન પાછું ખેંચી લીધું હતું કે તેણે આ વાત માત્ર મજાકમાં કહી હતી. આ ફિલ્મ ૪૫ કરોડમાં બની હતી. ફિલ્મનું બોક્સ ઓફિસ કલેક્શન એવું હતું કે તમે સાંભળીને દંગ રહી જશો. પહેલા દિવસે માત્ર ૩૮ હજાર રૂપિયાનું કલેક્શન થયું હતું. ફિલ્મના કુલ કલેક્શનની વાત કરીએ તો આ ફિલ્મ દુનિયાભરમાંથી માત્ર ૧ લાખ રૂપિયા જ કમાઈ શકી હતી. ધ લેડી કિલર' એક ક્રાઈમ થ્રિલર ફિલ્મ છે. રિલીઝ થતાં જ ફિલ્મની ભારે ટીકા થઈ હતી.

## આ વર્ષે હીરો કરતાં વિલન માટે વધુ તાળીઓ


। મુંબઈ, તા.૩૦ ।

બોલિવુડ ઈન્ડસ્ટ્રીમાં પોપ્યુલર વિલનના એક રોલ કરવા માટે સ્ટારે મસમોટી ફી લેતા હોય છે. ત્યારે આ વર્ષે એવી કેટલીક ફિલ્મો રહી કે, જેમાં હિરો કરતા વિલનની ચર્ચાઓ વધુ થઈ હતી. તો ચાલો આજે આપણે જોઈએ કે, ક્યાં વિલનની ચર્ચા આ વર્ષે વધુ થઈ છે. બોબી દેઓલનું એનિમલ ફિલ્મમાં પાત્ર અબરાર છે. જે થોડી મિનીટોમાં કાંઈ પણ કહ્યા વગર ઘણું બધુ કહી શકાય છે. ઈમરાન હાશ્મીને આમતો રોમાન્સનો બાદશાહ કહેવામાં આવે છે પરંતુ ઈમરાન હાશ્મીના પાત્રને સૌ કોઈ રોમેન્ટિક હિરો તરીકે જુએ છે પરંતુ ટાઈગર ૩માં ઈમરાન હાશ્મીનું પાત્ર ચાહકોનું ખુબ પસંદ આવ્યું હતુ. ઈમરાનની એક્ટિંગની ચર્ચા ફિલ્મના લીડ રોલથી વધુ ચર્ચાઓ રહી છે. આ વર્ષે શાહરુખ ખાનની અનેક ફિલ્મો હિટ રહી તેમજ રેકોર્ડ તોડ્યા છે. ત્યારે જોન અબ્રાહમનો રોલ પઠાણમાં ખુબ ચર્ચિત હતો. અભિનેતા પહેલી વખત નેગેટિવ પાત્રમાં જોવા મળ્યો હતો. જયા બચ્ચને પણ આ વર્ષે એક ફિલ્મમાં વિલનનો રોલ કર્યો હતો. આ ફિલ્મ કરણ જોહર દ્વારા નિર્દેશિત ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં શાનદાર અભિનય કરતી લાંબા સમય બાદ જોવા મળી હતી. સાઉથ સ્ટાર વિજય સેતુપતિના પાત્ર પણ શાહરુખ ખાન વિરુદ્ધ જવાનમાં ખુબ પસંદ કરવામાં આવ્યું હતુ. સૈફ અલી ખાનના એક્ટિંગના વખાણ લોકો આદિપુરષમાં લંકેશના પાત્રને લઈ કર્યા હતા. આ ફિલ્મમાં સૈફ અલી ખાન ખુબ ટ્રોલ પણ થયો હતો.

## kbcના છેલ્લા એપિસોડમાં અમિતાભે જોડ્યા હાથ

। મુંબઈ, તા.૩૦ ।

કૌન બનેગા કરોડપતિમાં આપનું સ્વાગત છે. આપણે આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચન પાસેથી છેલ્લા ઘણા સમયથી આ ડાયલોગ સાંભળી રહ્યા છીએ, પરંતુ હવે આ ટ્રેન્ડ સમાપ્ત થવા જઈ રહ્યો છે. ૨૩ વર્ષથી વધુ સમયથી સોની ટીવી પર ટેલિકાસ્ટ થઈ રહેલો દર્શકોનો આ પ્રિય શો સમાપ્ત થવા જઈ રહ્યો છે. મહાન એક્ટર અમિતાભ બચ્ચને પોતે શોના છેલ્લા એપિસોડમાં ભાવુક થઈને આ જાણકારી આપી હતી. પરંતુ કેબીસી દર્શકો માટે એક સરપ્રાઈઝ છે. અમિતાભ બચ્ચન આ શો સાથે જોડાયેલા ફેમસ પર્સનાલિટી છે, જેમને કૌન બનેગા કરોડપતિ શો છેલ્લા ઘણા સમયથી દર્શકોના ફેવરિટ શો બનાવી રાખ્યો હતો, તે દર્શકો સામે પોતાની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી રસપ્રદ વાતો સામે શેર કરવાની હોય કે સ્પર્ધકો સાથે હસી-મજાક કરવાની, અમિતાભ બચ્ચનની સ્ટેજ પરની હાજરી શોની ટીઆરપીને ટોપ પર લઈ ગઈ. છેલ્લા ૨૩ વર્ષમાં કુલ ૧૫ સક્સેસફુલ સિઝનમાંથી એક સિઝન છોડીને તમામ સિઝન અમિતાભ બચ્ચન દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી. આજે એટલે કે ૨૯મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ, શો કૌન બનેગા કરોડપતિની ૧૫મી સીઝનનો છેલ્લો એપિસોડ ટેલિકાસ્ટ થશે, જેના પ્રોમોમાં અમિતાભ બચ્ચન આંસુ ભરેલી આંખો સાથે ભાવનાત્મક સંદેશ આપતા જોવા મળે છે. તમને જણાવી દઈએ કે આ પ્રોમોમાં અમિતાભ બચ્ચન ખૂબ જ ભાવુક જોવા મળી રહ્યા છે, તેમની આંખો ભીની છે અને તેઓ ભારે હૃદય સાથે તેમના પ્રિય દર્શકોને અલવિદા કરતા જોવા મળી રહ્યા છે. તે પ્રોમોમાં કહી રહ્યા છે, "તો દેવી ઔર સજ્જનો, અબ હમ જા રહે હૈ, અબ હમ જા રહે હૈ ઔર કલ સે મંચ નહીં સજેગા." આ પછી તરત જ, પ્રોમોની પૃષ્ઠભૂમિમાં એક મહિલાનો અવાજ આવે છે, જે અમિતાભ બચ્ચનને ભગવાનનો પ્રિય કહે છે. આના પર અમિતાભ બચ્ચન કહે છે કે, અમારામાં ન તો હિંમત છે કે ન તો ઈચ્છા છે કે અમે અમારા પ્રિયજનોને કહી શકીએ કે અમે કાલથી અહીં નહીં આવીએ. તે કહે છે, હું અમિતાભ બચ્ચન છું, આ સમયગાળા માટે હું આ મંચ પરથી છેલ્લી વાર કહેવા જઈ રહ્યો છું શુભ રાત્રી.



# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ભવ્ય અક્ષત કળશ યાત્રા કાઢવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં અયોધ્યા પૂજા થઈ આવેલ આવેલ અક્ષયની કળશ યાત્રા રામજી મંદિરથી લીમડી નગરમાં પ્રખંડમાં ભવ્ય રીતે કાઢવામાં આવી હતી જેમાં દરેક રામભક્તોના હાથમા ભગવા રંગના ઝંડા હતા.

અને સાથે સાથે જય શ્રી રામ ના નારા બોલતા બોલતા લીમડી નગરમા ઢોલકનાં તાલે વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી.જેમાં ઉપસ્થિત આગેવાન રાઠોડ વિરેન્દ્રસિંહ , ડોક્ટર મહેશ પટેલ તથા સમસ્ત પ્રખંડના કાર્યકર્તા તેમજ દાહોદ જિલ્લાના મંત્રી યોગેશ શર્મા ,લીમડી પ્રખંડના પ્રમુખ ડામોર રમેશભાઈ , લીમડી પ્રખંડ મંત્રી પ્રજ્ઞેશકુમાર પટેલ , ગૌરક્ષક અશ્વિનભાઈ ડામોર, બજરંગદળ સયોજક પ્રદીપભાઈ ડામોર, લીલવા ઠાકોર અધ્યક્ષ સાગરભાઈ મોઢિયા, ઉપાધ્યક્ષ ભરતભાઈ પ્રજાપતિ, બજરંગ દળ સંયોજક પ્રમૂખ લઈભાઈ પટેલ, ઉપ પ્રમુખ સાગરભાઈ પટેલ, બજરંગ દળ સહકાર સંયોજક તરંગભાઈ પટેલ તથા સમસ્ત ગુરુ ગોવિંદ ધામ કંબોઈ ના સંતો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# ગણતરીના દિવસોમાં મંગળ પર પહોંચી શકાય એવું રોકેટ બનશે



। નવી દિલ્હી, તા.૩૦ ।

ઈસરો હવે પરમાણુ ઈંધણથી સંચાલિત થતાં રોકેટ પર કામ કરી રહ્યું છે. આ રોકેટની શરૂઆતની ડિજાઈન પણ તૈયાર થઈ ચૂકી છે. જો આગામી અમુક વર્ષોમાં આ ન્યૂક્લિયર એન્જિનથી ચાલતું રોકેટ તૈયાર થઈ જશે તો ભારત લાંબા અંતરે આવેલા કોઈપણ ગ્રહ સુધી ઓછામાં ઓછા સમયમાં પોતાનું સ્પેસક્રાફ્ટ પહોંચાડી શકશે.

ન્યૂક્લિયર રોકેટનો ફાયદો એ થશે કે ભવિષ્યમાં ચંદ્ર અને મંગળ ગ્રહના મિશનમાં એસ્ટ્રોનોટ્સને પ ાછા આવવામાં તકલીફ નહીં પડે અને સાથે જ ઈંધણની પણ ચિંતા નહીં હોય. પરમાણુ ઈંધણથી ચાલતું રોકેટ સૌર મંડળ બહારના તમામ મિશન માટે શ્રેષ્ઠ સાબિત થશે કેમ કે આવા ડીપ સ્પેસ મિશન માટે આ પ્રકારની સુવિધાની તાંતી જરુર છે. એવી પણ માહિતી છે કે ઈસરો અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (મ્છઇઝ) સાથે મળીને રેડિયો થર્મોઈલેક્ટ્રિક જનરેટર્સ (આરટીજી) ડેવલપ કરી રહ્યા છે. હાલમાં રોકેટ અને સેટેલાઈટ્સમાં કેમિકલ એન્જિનનો ઉપ યોગ થાય છે. પરંતુ જો કોઈ ગ્રહ પર જઈને પાછા ફરવું હોય તો આ કેમિકલ એન્જિન નબળાં સાબિત થશે. તેમાં વધુ ઈંધણ વપરાશે. ન્યૂક્લિયર એન્જિન ધરાવતું રોકેટ સામાન્ય ન્યૂક્લિયર એન્જિન કરતાં અલગ હશે. તે વીજળી પેદા કરનારા ન્યૂક્લિયર એન્જિન જેવું નહીં હોય. તેમાં ન્યૂક્લિયર ફિશન નહીં હોય પણ આરટીજીમાં રેડિયોએક્ટિવ પદાર્થો વપરાશે, જેમ કે પ્લૂટોનિયમ-૨૩૮ કે પછી સ્ટ્રોંટિયમ-૯૦. આ પદાર્થ જ્યારે ડિકે થાય છે તો ઘણી ઊર્જા પેદા કરે છે.

# ભુપેન્દ્ર પટેલે અમદાવાદ ફ્લાવર શોનું કર્યુ ઉદ્ઘાટન




। અમદાવાદ, તા.૩૦ ।

શહેરમાં રિવરફ્રન્ટ આગામી ૧૫ દિવસ સુધી દેશ વિદેશના લાખોની ફૂલોની ફોરમથી મહેકતું રહેશે. અમદાવાદના રિવરફ્રન્ટ પર આજથી ફ્લાવર શોનો પ્રારંભ થયો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ફ્લાવર શોને જનતા માટે આજે ખુલ્લો મુક્યો છે. આ ફ્લાવર શો આજથી ૧૫ જાન્યુઆરી સુધી ચાલશે. જેમા સવારે ૯થી રાત્રે ૧૦ સુધી પ્રવેશ આપ વામાં આવશે. ફ્લાવર શોમાં પ્રથમ વખત ૧૫ લાખથી વધારે ફૂલ-છોડના રોપા જોવા મળશે. ૭ લાખ કરતાં વધુ રોપાથી ૪૦૦ મીટર લાંબુ ફ્લાવર સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે. રિવર ફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં આવતાં લોકો માટે સામાન્ય દિવસોમાં સોમવારથી શુક્રવાર દરમિયાન પ્રવેશ ફી ૫૦ રૂપિયા લેવામાં આવશે. જ્યારે શનિવાર અને રવિવારના દિવસે ફ્લાવર શોમાં રૂ. ૭૫ ફી પેટે વસૂલવામાં આવશે. આ ફ્લાવર શોમાં ૧૨ વર્ષથી નાના બાળકોને મફતમાં પ્રવેશ આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગના ડાયરેક્ટર જીગ્નેશ પટેલે આ અંગે જણાવ્યુ છે કે, અમદાવાદમાં યોજાનાર આ ફ્લાવર શો શેરીજનોને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિકૃ તિ નવા સંસદ ભવનની પ્રતિકૃતિ, મોઢેરાના સૂર્યમંદિરની પ્રતિકૃતિ, વિક્રમ લેન્ડર (ચંદ્રયાન ૩)ની પ્રતિકૃતિ જેવા આગવા આકર્ષણો જોવા મળશે. અમદાવાદમાં યોજાનાર આ ફ્લાવર શોમાં ઓલમ્પિક, વડનગર તોરણની થીમ ઉપર બનાવેલ મુખ્ય પ્રવેશદ્વાર, બાળકો માટેના કાર્ટૂન કેરેક્ટર, વાઈબ્રન્ટ ગુજરાતની પ્રતિકૃતિ, સાત ઘોડાની પ્રતિકૃતિ, પતંગિયાની પ્રતિકૃતિ વગેરે થીમની પ્રતિકૃતિઓ વિશેષ આકર્ષણ જમાવશે. ફ્લાવર શોમાં જોવા મળતી આ તમામ પ્રતિકૃ તિઓ વિવિધ પ્રકારના ફ્લાવર બેટ સાથે જુદા જુદા લેન્ડસ્કેપમાં બનાવવામાં આવી છે. આ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ પીટુનીયા, ડાયન્થસ જેવા ફૂલોની જાતના આશરે ૭ લાખથી વધુ ફુલોના રોપાઓ દ્વારા ૪૦૦ મીટર લાંબુ એક સુંદર મજાનું ફ્લાવર સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં યોજનર આ ફ્લાવર શોમાં પહેલીવાર ૧૫ લાખથી વધુ ફૂલ છોડ શહેરીજનોને જોવા મળશે. અમદાવાદ શહેરના ફ્લાવર શોમાં વિવિધ ફૂલ છોડોની સાથે પ્રાઈવેટ નર્સરીના વિવિધ સ્ટોલ, જંતુનાશક દવાઓ માટેની માહિતી, જુદી જુદી જાતના બિયારણ, ગાર્ડનિંગ કરવા માટેના સાધનો વગેરેના સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા છે. આ ફ્લાવર શોમાં સેવંતી, વીમ્કા, ગજેનીયા, કોલિયસ, તોરણિયા, અર્ચીડ, જલબેરા, લીલીયસ, મારીગોલ્ડ, એન્થુરીનીયમ, એમરેન્સ લીલી જેવા આશરે ૧૫ લાખ વધુ ફૂલછોડ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ વખતના ફ્લાવર શોમાં જર્મની, આફ્રિકા, સિંગરપુર, યુરોપિયન દેશો વગેરેમાંથી ૩૦થી વધારે વિદેશી ફૂલ છોડની જાતો લોકોને જોવા મળશે.

### ગયા નવેમ્બરમાં થયેલા માવઠાથી રાજ્યના ૫ હજારથી વધુ ખેડૂતોને નુકશાન થયુ છે

# વાતાવરણ પલટાતાં બનાસકાંઠાના ખેડૂતો ચિંતિત



। અમદાવાદ, તા.૩૦ ।

બનાસકાંઠામાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો છે, રાજ્યમાં અચાનક બદલાતા વાતાવરણની અસર હવે બનાસકાંઠામાં દેખાઈ રહી છે, અચાનક હવામાનમાં પલટો આવતા જિલ્લાના ખેડૂતો ચિંતિત બન્યા છે. રવિ પ ાકને મોટા પ્રમાણમાં નુકસાન થવાની અને અલગ અલગ પ્રકારના રોગ પાકોમાં ઉભા થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોને મોટા પાયે નુકસાન થવાની ચિંતા પેઠી છે. મળતી માહિતી માહિતી પ્રમાણે, બનાસકાંઠા જિલ્લામાં વહેલી સવારથી જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. પલટાની અસરથી જિલ્લાની ખેડૂતોમાં ચિંતા પ ેઠી છે. બનાસકાંઠા જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. સતત બે દિવસથી હવામાનમાં પલટો આવતા પાક નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. જિલ્લામાં એરંડો, રાયડો, ઘઉં અને બટાકાના પાકમાં ચરમીનો રોગ આવવાની ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય ઠંડી વચ્ચે વાદળછાયુ વાતાવરણમાં બટાકાના પાકમાં ચરમી નામનો રોગ આવવાની પુરેપુરી શક્યતા છે. સતત વાદળછાયા વાતાવરણથી સૌથી વધારે બટાકાના પાક ઉપર અસર થઈ શકે છે. રાજ્યમાં ગયા નવેમ્બર મહિનામાં થયેલા માવઠાથી ખેડૂતોને ૫ ારાવાર નુકસાન પહોંચ્યુ છે. રાજ્યના ખેડૂતોને કેટલુ નુકસાન પહોંચ્યુ છે, અને કયા કયા પાકોને નુકસાન થયુ છે, તે અંગે હવે મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં ૮૩.૮૦ કરોડ રૂપિયાનુ નુકસાન ખેડૂતોના પાકને થયુ છે. મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં નવેમ્બર મહિનામાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં ચોમાસાની જેમ ધોધમાર વરસાદ ખાબક્યો હતો, આ સમયે રાજ્યમાં રવિ પાક હતો અને આ તમામ પ્રકારના રવિ પાકને મોટુ નુકસાન પહોંચ્યુ હતુ. ગયા નવેમ્બરમાં થયેલા માવઠાથી રાજ્યના ૫ હજારથી વધુ ખેડૂતોને નુકશાન થયુ છે. રાજ્યના ૧૭૪૭ ગામમાં ખેતીના પાકમાં માવઠાની અસર થઈ છે. ૯૮૮૧૩ હેક્ટર જમીનની અંદરના ઉભા પાકને નુકશાન થયાનો અંદાજ છે. અંદાજિત ખેડૂતોને ૮૩.૮૦ કરોડ રૂપિયાનું નુકશાન થયાનો અંદાજ છે. આ માવઠાથી રાજ્યમાં જીરું, સવા, ઈસબગુલ, વરિયાળી, અજમો જેવા પાકમાં નુકસાન પહોંચ્યુ છે, આ ઉપરાંત દિવેલા કપાસ, રાય, ડાંગર, મકાઈ જેવા પાકમાં પણ નુકસાન થયાનો અંદાજ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી દિવસોમાં ઠંડીમાં આંશિક વધારો થશે. હવામાન વિભાગે બે દિવસ સુધી વાદળછાયા વાતાવરણની આગાહી કરી છે. નલિયાનું તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદ શહેરમાં ૧૬.૭ ડિગ્રી તાપમાન જ્યારે મહત્તમ તાપમાન અમદાવાદમાં ૨૬ ડિગ્રી નોંધાતા ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે.

# યુએસ જવા ૪૦ લાખથી લઈને ૧.૨૫ કરોડ રૂપિયામાં ડીલ કર્યાનો ખુલાસો




। અમદાવાદ, તા.૩૦ ।

રોમાનિયાની લેજન્ડ એરલાઈન્સ કંપનીના વિમાન એરબસ એ-૩૪૦ને માનવ તસ્કરીની શંકામાં ફ્રાન્સના વેટ્રી એરપોર્ટ પર ૪ દિવસ સુધી અટકાવી રખાયું હતું.

આ વિમાનમાં કુલ ૩૦૩ ભારતીય મુસાફરો સવાર હતા. તેમાંથી ૨૭૬ મુસાફરો ૨૬ ડિસેમ્બરે મુંબઈ એરપ ોર્ટ પહોંચી ગયા હતા અને બાકીના ૨૭ મુસાફરો ફ્રાન્સમાં જ રહી ગયા હતા કેમ કે તેમણે ત્યાં શરણ મેળવવા અરજી કરી હતી. જોકે હવે તે પણ પાછા આવી ગયા છે. માહિતી અનુસાર આ વિમાન દુબઈથી નિકારાગુઆ જઈ રહ્યું હતું. વિમાનમાં સવાર લગભગ એક તૃતીયાંશ લોકો ગુજરાતના હતા.

ગુજરાત સીઆઈડી ક્રાઈમ ટીમે ૩૦ મુસાફરોની પૂછપરછ કરી હતી જેમાં જાણ થઈ કે અમેરિકા જવા માટે તેમણે એજન્ટ્સ સાથે ૪૦ લાખથી લઈને ૧.૨૫ કરોડ રૂપિયામાં ડીલ કરી હતી. બાકીના મુસાફરોની હજુ પૂછપરછ ચાલી રહી છે. અત્યાર સુધી સીઆઈડીને ૬ એજન્ટ્સ વિશે પણ માહિતી મળી છે. તમામ યાત્રીઓની પુછપરછ બાદ સીઆઈડી આ એજન્ટો સામે સકંજો કસશે. સીઆઈડીએ જણાવ્યું કે જે યાત્રીઓની પ ૂછપરછ થઈ છે તે પોતાની સાથે થયેલી છેતરપિંડી વિશે કંઈ કહેવા તૈયાર નથી. તેમની પાસે નિકારાગુઆના ટુરિસ્ટ વિઝા હતા. તેમનું કહેવું છે કે તે તેઓ ફરવા જઈ રહ્યા હતા. ગુજરાતના મહેસાણા, ગાંધીનગર, બનાસકાંઠા, આણંદ જિલ્લાના યાત્રીઓનું ૧૪ ડિસેમ્બરથી દુબઈ પહોંચવાનું શરૂ થયું હતું.

# દમાસ્કસ એરપોર્ટ પર હુમલામાં ૧૧ અધિકારીનાં મોત થયા



। દમાસ્કસ, તા.૩૦ ।

સીરિયાની રાજધાની દમાસ્કસના આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ટાર્ગેટ કરીને કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઈરાનના સૈન્યની એક પાંખ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના ૧૧ અધિકારીઓના મોત થયા છે.

સાઉદી મીડિયાએ દાવો કર્યો હતો કે, ગુરુવારની સાંજે એરપોર્ટને ટાર્ગેટ કરીને હવાઈ હુમલો થયો હતો. આ હુમલો થયો ત્યારે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કમાન્ડર પોતાના ટોચના અધિકારીઓને મળવા માટે એરપોર્ટ પર ગયા હતા. આ હુમલામાં અન્ય એક કમાન્ડર નૂર રશિદ ઘાયલ થયા હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. જોકે ઈરાને સાઉદી મીડિયાના અહેવાલને નકારી કાઢ્યો છે.

ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના પ્રવક્તા સરદાર શરીફે કહ્યુ હતુ કે, આ પ્રકારના દાવા નિરાધાર છે અને બીજી તરફ સીરિયાઈ મીડિયાએ આ મામલામાં દાવો કર્યો હતો કે, ઈઝરાયેલે બે અલગ અલગ વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા હતા. આમ દમાસ્કસના એરપ ોર્ટ પર થયેલા હુમલામાં પણ ઈઝાયેલનો હાથ હોવાનુ હવે ચર્ચાઈ રહ્યુ છે. આ હુમલા બાદ સીરિયાની સરકારે હવાઈ સીમાઓની સુરક્ષા વધારી દીધી છે. ઈરાનના એક ટોચના લશ્કરી સલાહકાર સૈયદ રઝી મોસાવીની પણ તાજેતરમાં એક ઈઝરાયેલી હુમલામાં મોત થયુ હતુ. સૈયદ રઝીની મોત પર ઈરાન લાલચોળ છે અને ઈરાને સોગંદ લીધા છે કે ,ઈઝરાયેલ પાસેથી આ હત્યાની કિંમત વસુલ કરવામાં આવશે. આ દરમિયાન જ વધુ એક હવાઈ હુમલો થયો છે. જોકે ઈરાને આ અહેવાલોને જ નકારી કાઢયા છે. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે જ્યારથી હમાસ સાથે ઈઝરાયેલે યુધ્ધ શરુ કર્યુ છે ત્યારથી જ ટકરાવ જોવા મળી રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આ રાશિ ના વેપારીઓ ને આજે વેપાર માટે અણધારી મુસાફરી કરવી પડી શકે છે. આ મુસાફરી તમને માનસિક તાણ આપી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કળા તથા રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને રચનાત્મક રીતે તેમનું શ્રેષ્ઠ આપવા માટે આજે અનેક નવી તકો મળશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. બાકી રહી ગયેલા કાર્યોને જલ્દીથી ઉકેલવા રહ્યા અને તમ જાણો છો કે તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

ન્યૂઝ બ્રિફ

## મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં વરસાદની શક્યતા

। નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ આજે પાંચ રાજ્યોમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. તેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો સમાવેશ થાય છે. અહેવાલ અનુસાર કેરળમાં પણ વરસાદની સંભાવના છે. આ સાથે હિમાલયના રાજ્યોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. લાહૌલ સ્પીતિમાં હિમવર્ષાને કારણે ઘણા રસ્તાઓ અને ટ્રાન્સફોર્મર ઠપ થઈ ગયા હતા. હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાંથી પસાર થતા ઘણા હાઈવે હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યા હતા. હિમાચલના અનેક શહેરોમાં તાપ માન ૫ ડિગ્રી સુધી સરી ગયું હતું. આગામી ૨૪ કલાકમાં શિમલા, કુલ્લુ, મંડી, ચંબા, લાહૌલ સ્પીતિ, સિરમૌર, કિન્નૌરમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

## નો ડ્રોન ફ્લાય ઝોન ; અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

માન. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તા. ૨૯,૩૦/૧૨/૨૦૨૩ના રોજ અમદાવાદ શહેર ખાતે પધારનાર હોઈ આવા સંજોગોમાં દેશવિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડિયાં તત્ત્વો માનવરહિત રિમોટ સંચાલિત વિમાન જેવાં સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝ જેવા સંસાધનો અથવા એરો સ્પોર્ટ્સમાં વપરાતાં ઉપકરણોના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાનિ પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. જે અન્વયે હું જી.એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં-૨ ની) કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરું છું. જે દરમિયાનમાં રિમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, કવાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર/પેરા ગ્લાઈડર, પેરા મોટર તેમજ હોટ એર બલૂન તથા જમ્પિંગ ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવું છું.

# કાશ્મીરથી હિમાચલ સુધી બરફવર્ષા વધારશે મુસીબત

### ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે આવનારા કેટલાક દિવસો સુધી લોકોને કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના ઉત્તરીય રાજ્યોમાં અત્યંત ઠંડી છે. શુક્રવારે (૨૯ ડિસેમ્બર) દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ હતું. રાત્રિ દરમિયાન તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. આવી જ સ્થિતિ શનિવારે (૩૦ ડિસેમ્બર) જોવા મળી રહી છે, જ્યાં મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે. લોકોને દિવસ દરમિયાન પણ ઠંડીથી રાહત મળી રહી નથી. ભારતીય હવામાન વિભાગએ કહ્યું છે કે આવનારા કેટલાક દિવસો સુધી લોકોને કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે. લોકોએ ધુમ્મસનો પણ સામનો કરવો પડશે. ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ ઘટી રહી છે. સ્થ્હએ આગામી બે દિવસ માટે ઝાકળને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. મતલબ કે સપ્તાહના અંતે લોકોને ભારે ધુમ્મસનો સામનો કરવો પડશે. વિભાગે એમ પણ કહ્યું છે કે દિલ્હી-એનસીઆર માટે બે દિવસ માટે કોલ્ડ ડે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, લઘુત્તમ તાપમાન ૪.૫ અથવા તેનાથી થોડું વધુ હોઈ શકે છે, જ્યારે મહત્તમ તાપ માન ૧૦ ડિગ્રીની આસપાસ રહેવાનું છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનું ઘટતું અંતર દર્શાવે છે કે તીવ્ર શિયાળો શરૂ થઈ ગયો છે. શનિવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રી અને લઘુત્તમ તાપ માન ૯ ડિગ્રી સેલ્સિયસ રહેશે. નોઈડામાં પણ આવું જ તાપમાન રહેશે. ગાઝિયાબાદ અને ગુરુગ્રામમાં મહત્તમ તાપમાન અનુક્રમે ૨૦ અને ૧૮ ડિગ્રી રહેવાનું છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે. ફરીદાબાદ સહિત દિલ્હી-એનસીઆરના અન્ય વિસ્તારોનું તાપમાન પણ યથાવત રહેશે. દિલ્હી-દ્ગઝઈના લોકોને પણ ખરાબ હવાનો સામનો કરવો પડી શકે છે. સ્થ્હએ તેના વેધર બુલેટિનમાં કહ્યું છે કે પંજાબ, હરિયાણા-ચંદીગઢમાં ૩૦ અને ૩૧ ડિસેમ્બરે ખૂબ જ ઠંડી પડશે. એકંદરે, ઉત્તર ભારતના રાજ્યોમાં હવામાન ખૂબ ઠંડુ રહેશે. ગાઢ ધુમ્મસની સાથે ઠંડા પવનો પણ ફૂંકાઈ શકે છે. રાજ્યમાં સતત ત્રીજા દિવસે ઠંડીમાં આંશિક ઘટાડો થયો છે. ત્રણ શહેરોમાં ઠંડીનો પારો ૧૫ ડિગ્રીની નીચે પહોંચ્યો છે. ૧૧.૮ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપ માન નોંધાયું, તો કેશોદ અને દીવમાં ઠંડીનો પારો ૧૫ ડિગ્રીની નીચે રહ્યો. સતત બીજા દિવસે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદમાં હજુ એક સપ્તાહ ૧૭ ડિગ્રીની આસપાસ તાપ માન રહેવાની હવામાન વિભાગની આગાહી છે. હરિયાણાની વાત કરીએ તો અહીં પણ ઠંડીને કારણે આપણે ઓછા અંશે આવી જ સ્થિતિનો સામનો કરવો પડશે. હરિયાણાના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સુધી રહેશે, જ્યારે મોટા ભાગના સ્થળોએ તે ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહેશે. આ સિવાય લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સુધી જઈ શકે છે. ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં પણ કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે. યુપીના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે.

### આ વિડીયો વાયરલ થઇ રહ્યો છે

# વ્યક્તિ ખતરનાક જીવની સાથે કાંચળી કાઢતો જોવા મળ્યો

### એક વિડીયોને લગભગ 3 કરોડ વ્યુઝ મળી ચુક્યા છે જ્યારે કેટલાક લોકોએ કોમેન્ટ કરીને પોતાની પ્રતિક્રિયા પણ આપી છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

સાપ જોઈને મોટાભાગના લોકો દૂર ભાગતા હોય છે. આમ કહેવાય છે કે સાપ જ્યારે જોઈએ ત્યારે શરીરમાં ધ્રુજારી છૂટી જાય છે. પરંતુ સાપમાં પણ અનેક પ્રકાર હોય છે. કોઈ ઝેરી હોય છે તો કોઈ બિનઝેરી. પરંતુ જ્યારે ઝેરી સાપ સામે આવે ત્યારે તમે એને પકડી શકો? પરંતુ તમે કોઈ વ્યક્તિને સાપને પકડીને કાંચળી કાઢીને ચુંબન કરતો જોયો છે? જો કે આ વાત સાંભળવામાં તમને અટપટી લાગે છે પરંતુ વાત સાચી છે. તો આજે અમે તમને એક વિડીયો બતાવીશું જે જોઈને તમારા રૂંવાટા ઉભા થઈ જશે. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ જંરીીક્ષિંઙ્ઘક્ષિહહ પર સામાન્ય રીતે જાનવરો સાથેના વિડીયો પોસ્ટ કરવામાં આવે છે. જો કે આ એકાઉન્ટમાં એક વિડીયો પોસ્ટ કરવામાં આવ્યો છે જેમાં એક શખ્સે ખતરનાક દેખાતો જીવ એટલે કે સાપની કાંચળી કાઢીને ચુંબન કરતો જોવા મળી રહ્યો છે. એનિમલ પ્લાનેટ અનુસાર જ્યારે સાપની સાઈઝ મોટી હોય છે ત્યારે એની સ્કિન વધતી નથી. આ કારણે ઉપરના લેયરને ઉતારવામાં આવે છે જેને કાંચળી કહેવામાં આવે છે. આ વિડીયોમાં તમે જોઈ શકો છો કે આ વ્યક્તિ સાપની કાંચળી ઉતારી રહ્યો છે. સાપના મોં પાસેથી એની સ્કિન પકડે છે અને પછી કાંચળી કાઢવા લાગે છે. શખ્સ જણાવે છે કે પાળતુ સાપને વર્ષોથી ચામડી ઉતારવામાં મદદ કરે છે. આ કારણે સાપનો સ્વભાવ પારખી છે. આટલું જ નહીં સાપને ચુંબન પણ કરે છે. આમ, તમને જણાવી દઈએ કે એક ઈસ્ટર્ન ઈન્ડિગો સ્કિન છે જે ઝેરી હોતો નતી અને અમેરિકામાં જોવા મળે છે. એક વિડીયોને લગભગ ૩ કરોડ વ્યુઝ મળી ચુક્યા છે.

### ગિરનારના પાંચ પર્વતો પર કુલ થઇને ૮૬૬ મંદિરો આવેલા છે

# ગિરનાર અને દાતાર પર્વત પર હવે પ્લાસ્ટિક પ્રતિબંધ

### પહાડોના સૌદર્યને બચાવવા અને કુદરતી સંપદાનું રક્ષણ કરવા સહિત સ્વચ્છાના હેતુસર એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે

। અમદાવાદ, તા.૩૦ ।

પર્યાવરણના જતનને ધ્યાનમાં રાખીને પ્રશાસને એક મહત્વનો નિર્ણય લીધો છે. આજથી ગિરનાર પર્વત પર પ્લાસ્ટિકની કોઈપણ વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગિરનાર અને દાતાર પર્વત પર પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધની આજથી અમલવારી શરૂ થઈ જશે. પ્લાસ્ટિક મુક્ત ગિરનાર પર્વત અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો છે. ૬૦૦ વેપારીને પ્રશાસને આપ્યા ૬૦૦ વોટર જગ આપ્યા છે. વેપારીઓ માટી અને કાચની બોટલનો ઉપયોગ કરી શકશે. ઉલ્લેખનિય છે કે, પ્લાસ્ટિકની બોટલ સહિતની ડિસ્પોઝિબલ વસ્તુઓ યુઝ એન્ડ થ્રો હોવાથી લોકો તેનો યુઝ કરીને પર્વત પર ફેકી દેતા હોય છે. જેના કારણે સુંદર રમણીય પર્વત પર પ્લાસ્ટિકનો કચરો જમા થતો જાય છે. પર્યાવરણ અને આપણી કુદરતી સંપદાના જતન માટે અને આ સ્થળો પર સ્વચ્છતા જળવાય રહે માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયની આજથી જ અમલવારી કરવામાં આવશે. ગિરનાર પર્વત એ ભારત દેશનાં પશ્ચિમ ભાગમાં આવેલ ગુજરાત રાજયનાં જુનાગઢ શહેરથી પાંચ કિલોમીટર ઉતરે આવેલ પર્વતોનો સમુહ છે. જયાં સિધ્ધ ચોરાસીનાં બેસણાં છે. આ પર્વતમાં પાંચ ઉંચા શિખરો આવેલા છે. જેમાં ગોરખ શિખર ૩૬૦૦, અંબાજી ૩૩૦૦, ગૌમુખી શિખર ૩૧૨૦, જૈન મંદિર શિખર ૩૩૦૦ અને માળીપરબ ૧૮૦૦ ફુટની ઉંચાઈઓ ધરાવે છે.

# સરસ્વતી તાલુકાના સિંચાઇના પાણી પ્રશ્ને રૂ.૯.૬૯ કરોડના કામો મંજુર કરાવતા કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત

### કોટાવડ આજુબાજુના ૯- ગામોના તળાવ નર્મદા કેનાલ આધારીત પાણીથી ભરવા રજુઆત કરેલ છે

સિદ્ધપુર વિસ્તારના જાગૃત ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે જવાબદારીઓ સંભાળતા કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત સિંચાઈ અને પાણીના પ્રશ્ને સતત જાગૃત છે. આ માટે મુશ્કેલીઓ ભોગવતા ઉત્તર ગુજરાતના સિદ્ધપુર,સરસ્વતી સહિતના વિસ્તારના ગામો માટે માન. મુખ્ય મંત્રી તેમજ સિંચાઈ મંત્રી સમક્ષ“દાંતીવાડા ડેમ આધારીત ગઢ શાખા “ના કામો મંજુર કરવા ભલામણ કરેલ હતી. આ ભલામણને આધારે સિંચાઈ વિભાગ દ્વારા ગઢ શાખાના મરામત અને નિભાવણી માટે રૂ.૨.૩૪ કરોડનુ ટેન્ડર મંજુરીમાં રજુ કરેલ છે.ગઢ શાખાની જ ચાર બ્રાન્ચ કેનાલ (૭/આર,૮/એલ,૯/એલ, અને ૧૦/આર) માટેના રૂ. ૧.૨૬ કરોડના અંદાજ મંજુરી હેઠળ છે. આ ઉપરાંત શાખા ૧૨/એલ. માટે રૂ.૨.૦૨ કરોડ, ૧૬/એલ. માટે રૂ. ૧.૦૮ કરોડ અને ૧૫/આર માટે રૂ ૨.૨૧ કરોડના અંદાજ મંજુરીમાં રજુ થયેલ છે. આમ કુલ રૂ. ૯.૬૯ કરોડના કામો મંજુર કરાવેલ છે. જે કામોના અમલીકરણથી દાંતિવાડા ડેમ આધારીત કેનાલથી સિંચાઈનુ પાણી મેળવતા સરસ્વતી તેમજ સિધ્ધપુર તાલુકાના ૧૯ તેમજ છેવાડાના ગામોને સિંચાઈ માટેનુ પુરતુ પાણી મળશે.

આ ઉપરાંત માનનીય મંત્રી દ્વારા દાંતીવાડા કેનાલની સાસમ તા પાલનપુર મુડવાડા તેમજ કાલેડા બ્રાંચ કેનાલોનેને સિદ્ધપુર તાલુકાના કાકોશી વિસ્તારના ગામો સુધી લંબાવવા તેમજ માતપુર-કલ્યાણા પાઈપલાઈન આધારીત કલ્યાણા પંપીંગ સ્ટેશન આધારીત યોજનાથી સરસ્વતી તાલુકાના વામૈયા,કોટાવડ આજુબાજુના ૯- ગામોના તળાવ નર્મદા કેનાલ આધારીત પાણીથી ભરવા રજુઆત કરેલ છે. આ કામ થવાથી સમગ્ર સિધ્ધપુર મત વિસ્તારના સિંચાઈ તેમજ પીવાના પાણીના પ્રશ્ન હળવા થશે અને તાલુકાના નદી કાંઠાના ગામોમાં સિંચાઈ /પીવાના પાણીના સ્તર ઉંચા આવશે અને સિદ્ધપુર મત-વિસ્તારના ખેડુત અને સામાન્ય લોકોને જીવનધોરણ ઉંચુ લાવવા ઉપયોગી થશે.

**વિશેષ** મેડિસિટીના ડોક્ટરો એક ધ્યેય અને એક લક્ષ્ય સાથે કાર્ય કરી વિવિધ રાજ્યો માટે આશાનું કિરણ તરીકે ઉભરી આવ્યા છે : મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

# ટ્રાન્સપ્લાન્ટ સર્જનનું કામ પીડિતના જીવનનું “નવસર્જન” કરવાનું છે - મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

### અંગદાનનો સેવાયજ્ઞ આપ સૌના સહયોગથી અવિરત ચાલતો રહે તે માટે સૌના સાથ , સહકાર સાથે સૌના પ્રયાસની ખુબ જ જરૂરઃ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ







અમદાવાદ સિવિલ મેડિસિટી ખાતે આયોજિત ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાઈન્સીસ(GUTS)ના ચોથા પદવીદાન સમારોહમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાઈન્સીસ (GUTS)ના ચોથા પદવીદાન સમારોહમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સીસ ગુજરાતની એકમાત્ર એવી યુનિવર્સિટી છે કે જ્યાં ડોક્ટરો એક ધ્યેય અને એક લક્ષ્ય સાથે કાર્ય કરી વિવિધ રાજ્યો માટે આશાનું કિરણ તરીકે ઉભરી આવ્યા છે. તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અંગદાનનો સેવાયજ્ઞ આપ સૌના સહયોગથી અવિરત ચાલતો રહે તે માટે સૌના સાથ અને સહકાર સાથે સૌના પ્રયાસની ખુબ જ જરૂર છે. અંગદાન એ એવું દાન છે કે જે સ્વૈચ્છિક રીતે થાય અને યથાશક્તિથી થાય છે, જેના માટે કોઈને ફરજ ના પાડી શકાય. પરંતુ યથાશક્તિ થી અંગદાન કરવા માટે લોકોમાં જનજાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે અને GUTS સંસ્થા નવયુવાનોને તૈયાર કરી એ જ ક્ષેત્રે કાર્ય કરી રહી છે તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઈ જીવીત વ્યક્તિને અંગદાન ન કરવું પડે, બ્રેઈનડેડ થતા વ્યક્તિના અંગોના દાનથી જરૂરિયાતમંદોને નવજીવન મળે તેવા આપણા સૌના પ્રયાસો હોવા જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની ચિંતા કરીને આયુષ્યમાન કાર્ડ હેઠળ મળતી ૫ લાખની સહાયને વધારીને ૧૦ લાખ કરી છે. જેથી સામાન્ય સર્જરીથી માંડીને કિડની, લીવર, હાર્ટ જેવા અત્યંત ખર્ચાળ ટ્રાન્સપ્લાન્ટને પણ તેમાં આવરી લેવામાં આવ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન અને તેના દ્વારા મળેલ પરિણામ જોઈએ તો સિવિલ મેડિસિટીના એક જ કેમ્પસમાં એક હોસ્પિટલમાંથી અંગદાન થાય છે અને તેમાંથી મળેલા અંગો આ જ કેમ્પસની અન્ય હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે, જે ખૂબ જ ગૌરવની બાબત છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર અભ્યાસકાળ દરમિયાન તમે પ્રોફેસર પાસેથી જે પણ કહી શીખ્યા છો તેની પદવી લઈને તમે સમાજને અર્પણ કરવા જવાના છો. આપ સૌ જ્યારે સમાજમાં સેવા અર્પણ કરશો ત્યારે આરોગ્યને સેવાના માધ્યમ તરીકે માની કાર્ય કરજો આર્થિક ઉપાર્જનને મહત્વ આપવું પરંતુ સેવાને કેન્દ્રમાં રાખી કાર્ય કરવું એ ખૂબ જ અનિવાર્ય છે તેમ તેમણે જણાવ્યું હતું. અંતે તેમણે પદવી મેળવેલ વિદ્યાર્થીઓને અને તેમના પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મક શક્તિઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીને લોકોના જીવનનું નવસર્જન કરવા આહવાન કર્યું હતું. GUTSના વાઈસ ચાન્સેલર પ્રો. પ્રાંજલ મોદીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં GUTSના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ડો. અરુણા વનીકર, GUTSના મેમ્બર્સ ડો. અનિલ પટેલ અને ડો.ભરત અમીન, ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડીઝિઝ એન્ડ રિસર્ચ સેન્ટરના ડીન પ્રો. મનીષા મોદી, ડાયરેક્ટર ડૉ.વિનીત મિશ્રા, રજીસ્ટ્રાર શ્રી કમલ મોદી તેમજ વિવિધ પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર અભ્યાસકાળ દરમિયાન તમે પ્રોફેસર પાસેથી જે પણ કહી શીખ્યા છો તેની પદવી લઈને તમે સમાજને અર્પણ કરવા જવાના છો. આપ સૌ જ્યારે સમાજમાં સેવા અર્પણ કરશો ત્યારે આરોગ્યને સેવાના માધ્યમ તરીકે માની કાર્ય કરજો આર્થિક ઉપાર્જનને મહત્વ આપવું પરંતુ સેવાને કેન્દ્રમાં રાખી કાર્ય કરવું એ ખૂબ જ અનિવાર્ય છે તેમ તેમણે જણાવ્યું હતું.

અંતે તેમણે પદવી મેળવેલ વિદ્યાર્થીઓને અને તેમના પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મક શક્તિઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીને લોકોના જીવનનું નવસર્જન કરવા આહવાન કર્યું હતું. GUTSના વાઈસ ચાન્સેલર પ્રો. પ્રાંજલ મોદીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં GUTSના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ડો. અરુણા વનીકર, GUTSના મેમ્બર્સ ડો. અનિલ પટેલ અને ડો.ભરત અમીન, ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડીઝિઝ એન્ડ રિસર્ચ સેન્ટરના ડીન પ્રો. મનીષા મોદી, ડાયરેક્ટર ડૉ.વિનીત મિશ્રા, રજીસ્ટ્રાર શ્રી કમલ મોદી તેમજ વિવિધ પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## ગેટ બનાવી રાહદારીઓ માટે રસ્તો બંધ કરાયો

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી દ્વારા રસ્તો બંધ કરાતા વિવાદ થયો છે. જાહેર રસ્તા પર ગેટ બનાવી રાહદારીઓ માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. રસ્તા પરની લારીઓ હટાવી રાતોરાત રસ્તો બંધ કરી દેવાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. BRTS બસ સ્ટેન્ડથી LD આર્ટ્સ કોલેજ તરફ જવાનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. તો લારી ધારકોએ પણ ગુજરાત યુનિવર્સિટીની કામગીરીને વખોડી છે. લારી ગલ્લા યુનિયનના પ્રમુખ ચંદ્રકાંત પરમારે જણાવ્યું કે, આ યુનિવર્સિટી તદ્દન મનામાની કરી રહી છે. પહેલા અમને કહેવામાં આવ્યું હતું કે, કે, અમારો પ્રોગ્રામ પતી જશે તે બાદ તમને અહીં બેસવા આપીશું અને ધંધો કરવા આપીશું. વધુમાં તેમણે કહ્યું કે, અમે ૨૬ તારીખની રાહ જોઈ રહ્યાં છે તે કાર્યક્રમ પત્યા પછી અમે ૨૭ તારીખ તેમને મળીશું અને રજૂઆત કરીશું.

## ફાયરિંગ વિથ ડબલ મર્ડરના ગુનામાં આરોપી છત્તીસગઢના રાયપુરથી ઝડપાયો

। સુરત, તા.૩૦ ।

શહેરના કડોદરા જીઆડીસી પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૯માં નોંધાયેલા ફાયરિંગ વિથ ડબલ મર્ડરના ગુનામાં છેલ્લા ૧૪ વર્ષથી ફરાર આરોપીની સુરત એલસીબી ઝોન-૨ની ટીમે છત્તીસગઢના રાયપુર ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ કરવા માટે પોલીસે સ્થાનિક લોકો જેવો પહેરવેશ ધારણ કર્યો હતો. જ્યાં માથે ગમછો અને જેકેટ પહેરી સતત વોચ રાખી આરોપીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપી વર્ષ ૨૦૦૯માં ઘટનાને અંજામ આપ્યા બાદ પોલીસ ધરપકડથી બચવા નાસતો ફરતો ફરી રહ્યો હતો. જ્યાં છત્તીસગઢના રાયપુર ખાતે પોલીસ ધરપકડથી બચવા પોશાક બદલી દાણા ચણાનું વેચાણ કરતો હતો. સુરત શહેર પોલીસ ગંભીર પ્રકારના ગુનામાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા "ઓપરેશન ફરાર" શરૂ કરવામાં આવ્યું છે.

# ક્રાઈમ બ્રાન્ચે સીંગદાણાની છેતરપિંડી કરનારી ટોળકી ઝડપી

### કેશોદના વેપારીએ પણ અંદાજે ૨૫ લાખના સીંગદાણા મુદ્રા પોર્ટ ખાતે ટ્રાન્સપોર્ટમાં મોકલ્યા હતા

। રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે સીંગદાણાની છેતરપિંડી કરનારા ૪ આરોપીઓની ધરપકડ કરીને ૩૭ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આરોપીઓએ કેશોદ અને પાલનપુરના સદરપુર ખાતે ગુનો આચર્યો હતો અને ૫૦ લાખથી વધુના સીંગદાણાની છેતરપિંડી કરી હતી. ટ્રક ડ્રાઈવર સહિત ૪ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકી પાસેથી ક્રાઈમ બ્રાંચે રૂા. ૨૫.૨૬ લાખના સીંગદાણા મળી કુલ રૂા.૩૬.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. રાજકોટ નજીકના બેડી યાર્ડમાં કેટલાક શખ્સો છેતરપિંડીથી મેળવેલા સીંગદાણા વેચવા આવ્યાની ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય.બી. જાડેજાને બાતમી મળી હતી. જે બાદ પીએસઆઈ અનિરૂદ્ધસિંહ પરમારને તપાસમાં મોકલતાં બેડી યાર્ડ પાસેથી રૂા.૨૫.૨૬ લાખની કિંમતના સીંગદાણા ભરેલો ટ્રક મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે ટ્રક ડ્રાઈવર નયન નાથાભાઈ મિયાત્રા (ઉ.વ. ૩૪, રહે. ચુડવા, તા.માણાવદર), કેબલ ઉપરાંત કેટલ ફીડની વસ્તુઓની દલાલી કરતાં નાઝીમખાન કોદારખાન પઠાણ (ઉ.વ. ૪૯, રહે. ગોપાલકુંજ સોસાયટી, હિંમતનગર), કમિશન એજન્ટ તરીકે કામ કરતાં મકસુદ અબ્બાસ મન્સુરી (ઉ.વ. ૪૪, રહે. મૂળ ખલવાડ, ૫ રબડા પ્રજાપતિવાસ, તા.હિંમતનગર) અને સ્ક્રેપનો ધંધો ઉપરાંત દલાલી કરતા અય્યુબખાન શરીફખાન પઠાણ (ઉ.વ. ૫૩, રહે. અશરફનગર કસ્બા, હિંમતનગર)ની અટકાયત કરી હતી. ક્રાઈમ બ્રાંચે સીંગદાણા, ટ્રક, હોન્ડા સિટી કાર વગેરે મળી કુલ રૂા. ૩૬.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચારેય શખ્સોની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે બનાસકાંઠાના વેપારીએ મુંદ્રા પોર્ટ ખાતે અંદાજે ૨૫ લાખના સીંગદાણા ટ્રાન્સપોર્ટમાં મોકલ્યા હતા. પરંતુ તે સીંગદાણા કોઈપણ રીતે કચ્છના નીતિન ભાનુશાળીએ મેળવી લીધા બાદ મકસુદને આપી દીધા હતા. જે તેણે રૂા. ૧૫ લાખમાં હિંમતનગરમાં જ વેચી દીધા હતા. આ છેતરપિંડી અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. આજ રીતે કેશોદના વેપારીએ પણ અંદાજે ૨૫ લાખના સીંગદાણા મુદ્રા પોર્ટ ખાતે ટ્રાન્સપોર્ટમાં મોકલ્યા હતા. આ સીંગદાણા પણ કચ્છના નીતિન ભાનુશાળીએ કોઈપણ રીતે મેળવી મકસુદને આપી દીધા હતા. જેથી મકસુદ આ સીંગદાણાનો જથ્થો વેચવા બે દિવસથી બેડી યાર્ડ આવ્યો હતો. પરંતુ હજુ સુધી વેચાણ થયું ન હતું. બરાબર તે જ વખતે ક્રાઈમ બ્રાંચને બાતમી મળી જતાં ચારેય શખ્સોને દબોચી લીધા હતા. આ સમગ્ર કૌભાંડમાં બીજા કયા કયા શખ્સોની સંડોવણી છે તે અંગે ક્રાઈમ બ્રાંચ તપાસ ચલાવી રહી છે. હાલ ચારેય શખ્સોની ૠ પૂછપરછમાં પાલનપુર તાલુકા અને કેશોદ પોલીસ મથકમાં નોંધાયેલા બે ગુના ડિટેકટ થયા છે. જે તેણે રૂા. ૧૫ લાખમાં હિંમતનગરમાં જ વેચી દીધા હતા. આ છેતરપિંડી અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. આજ રીતે કેશોદના વેપારીએ પણ અંદાજે ૨૫ લાખના સીંગદાણા મુદ્રા પોર્ટ ખાતે ટ્રાન્સપોર્ટમાં મોકલ્યા હતા. આ સીંગદાણા પણ કચ્છના નીતિન ભાનુશાળીએ કોઈપણ રીતે મેળવી મકસુદને આપી દીધા હતા. જેથી મકસુદ આ સીંગદાણાનો જથ્થો વેચવા બે દિવસથી બેડી યાર્ડ આવ્યો હતો. પરંતુ હજુ સુધી વેચાણ થયું ન હતું. બરાબર તે જ વખતે ક્રાઈમ બ્રાંચને બાતમી મળી જતાં ચારેય શખ્સોને દબોચી લીધા હતા.

### જાહેર જગ્યા પર ભીડ એકઠી ન થાય તેવું આયોજન

# સુરતમાં નવા વર્ષની ઉજવણીને લઈ પોલીસની વિશેષ તૈયારી

। સુરત, તા.૩૦ ।

નવા વર્ષની ઉજવણીને લઈ સુરત પોલીસની સવિશેષ તૈયારીઓ સામે આવી છે. લોકોને અગવડતા ઉભી ન થાય તેવી રીતે વ્યવસ્થા ઉભી કરાઈ છે. ઊજવણીના બહાને દારૂ અને ડ્રગ્સનું સેવન કરનારાઓ માટે પોલીસ ખાસ ડ્રાઈવનું પણ આયોજન કરાયું છે. નવા વર્ષની ઉજવણીને લઈ સુરત પોલીસ દ્વારા ૨૦૦થી વધુ બ્રેથ એનેલાઈઝરનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. જાહેર જગ્યાઓ પર ભીડ એકઠી ન થાય તેનું વિશેષ આયોજન કરાયું છે. પોલીસે કરેલા કોમ્બિંગમાં પ્રોહીબિશન અંગે ૬ દિવસમાં ૭૦૦થી વધુ કેસ નોંધાયા છે. કોમ્બિંગમાં ૮૧ લાખનો મુદ્દામાલ પણ કબજે કરાયો છે. કારના બોનેટ પર બેસીને તાયફા કરનારાઓ સામે કડક કાર્યવાહી થશે. ૩૧ ડિસેમ્બરને લઈ સુરત પોલીસ કમિશનરે જણાવ્યું છે કે, ભીડ એકઠી ન થાય તેનુ વિશેષ આયોજન કરાયું છે, કેટલાક વિસ્તારોમાં કોમ્બિંગ કરાયુ છે. વધુમાં કહ્યું કે, ૬ દિવસમાં પ્રોહીબિશન અંગે ૭૦૦થી વધુ કેસો થયા છે અને પોલીસે ૮૧ લાખનો મુદ્દમાલ કબજે કર્યો છે. PCR વાન, મોટરસાયકલ ઉપર પોલીસ તૈનાથ રહેશે. વધુમાં કહ્યું કે,પરિસ્થિતિ મુજબ ડ્રોનનો ઉપયોગ કરાશે:પોલીસ કમિશ્નરે કહ્યું કે, ૪ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. ૪ SRP કંપની, ૧૮૦૦ હોમગાર્ડના જવાનોનો બંદોબસ્ત જોતરાશે. ૧૦૦૧ અસમજીક તત્વોને આ વર્ષે પાસા કરાયા છે. ઓપરેશન ફરાર હેઠળ ખાસ જુંબેશ હાથ ધરાઈ છે અને ૩૬૮ ગુનેગારોને ઓપરેશન ફરાર હેઠળ પકડાયા છે.

### નકલી ટોલ બૂથના પર્દાફાશના મહિના બાદ કાર્યવાહી

# નકલી ટોલ બૂથ મામલે બે આરોપીની ધરપકડ કરાઈ

### મુખ્ય આરોપી અમરશીભાઈ જેરામભાઈ પટેલ અને ધર્મેન્દ્રસિંહ બહાદુરસિંહ ઝાલા હજુ પોલીસ પકડથી દુર

। મોરબી, તા.૩૦ ।

મોરબી નજીક વાંકાનેર પાસે ચાલતા બોગસ ટોલ બૂથનું કૌભાંડ પ્રકાશમાં આવ્યાના ૨૫ દિવસ બાદ આ મામલે ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનય છે કે, વાંકાનેરના આ રૂટ પણ છેલ્લા દોઢ વર્ષથી એક નકલી ટોલબૂથ ચાલતુ હતું અને આ નકલી ટોલબૂથ ચલાવીને વાહન ચાલકો પાસેથી રકમ ઉઘરાવાતી હતી. આ ઉઘાડી લૂંટનો પર્દાફાશ થયા બાદ આખરે આ મામલે હવે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોરબીના વાંકાનેર નજીક ખૂબ જ ચૌંકાવી દેતી ઘટના સામે આવી હતી. અહીં નકલી ટોલનાકાનો પર્દાફાશ થતાં ઉઘાડી લૂંટની ઘટનાનું મસમોટું કૌભાંડ સામે આવ્યું હતું.મોરબીના વાંકાનેર નજીક વધાસિયા ગામે સીરામિકની ફેક્ટરી ભાડે રાખીને અહીં નકલી ટોલનાકુ ચલાવીને જનતા સાથે ઉઘાડી લૂંટ થતી હતી. દોઢ વર્ષથી ચાલતા આ સમગ્ર ગોરખધંધો ત્યારે ઉજાગર થયો, જ્યારે આ મુદ્દે એક વીડિયો વાયરલ થયો. આપને જણાવી દઈએ કે, છેલ્લા દોઢ વર્ષથી ધમધમતા આ નકલી ટોલ નાકામાં ટેમ્પાના ૧૦૦, મોટા ટ્રકના ૨૦૦ અને ફોર વ્હીલના ૫૦ લેવાતા હતા. રવિ નામનો કોઈ શખ્સ આ ટોલનાકું ચલાવતો હોવાનો અહેવાલ સામે આવ્યો હતો. દોઢ વર્ષથી ચાલતા આ ફર્જીવાડાને લઈને અનેક સવાલ ઉભા થઈ રહ્યાં છે. આ નકલી ટોલનાકા માટે કોને તેને પરવાનો આપ્યો. અનેક સવાલ આ મુદ્દે થવા સ્વાભાવિક છે. ઉલ્લેખનિય છે કે, બામણબોર થી વાંકાનેર થઈને મોરબી અને કચ્છ તરફ દરરોજ હજારો વાહન પસાર થાય છે. આ ટોલનાકાને લઈને અનેક ચોકાનારી હકીકતો સામે આવી છે. આ મામલે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓએ અનેક મોરબી જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવાળાને અરજીઓ આપી હોવાનું પણ સામે આવ્યું છે. અસલી ટોલનાકા કરતા અહી નકલી ટોલનાકમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ પણ અપાતું હોવાનું સામે આવ્યું હતું.

**એકની ધરપકડ કરાઈ**

## વન વિભાગે સાગી લાકડાની તસ્કરીનું કૌભાંડ ઝડપી પાડ્યું

। અમદાવાદ, તા.૩૦ ।

વઘઇ વન વિભાગની ટીમે બારખાંધિયા નજીકથી ગેરકાયદેસર સાગી લાકડા ભરેલી બોલેરો પીકઅપ વાન સાથે એક આરોપી ને ઝડપી કુલ ૪.૫૦ લાખ નો મુદ્દામાલ કબજે કર્યો છે. મળતી માહિતી અનુસાર વઘઈ રેન્જ ની રંભાસ રાઉન્ડ બીટના બારખાંધિયા જતા મુખ્ય માર્ગ પરથી ગેરકાયદેસર સાગી લાકડાની તસ્કરી થવાની બાતમી દક્ષિણ ડાંગ વન વિભાગના ડીએફઓ રવીપ્રસાદ ને મળી હતી. જે બાતમીના આધારે વઘઈ રેન્જના આરએફઓ દિલીપ રબારી, ફોરેસ્ટર કિરણ પટેલ, ભરત ચૌધરી સહિત વનકર્મીઓની ટીમે વઘઈ રંભાસ રાઉન્ડ બીટ ના દગડપાડા બારખાંધિયા માર્ગ પર રાત્રી દરમ્યાન ચેકીંગ હાથ ધર્યુ હતું. વનવિભાગની ટીમને સવારે ૫ વાગ્યાના અરસામાં બારખાધીયા મુખ્ય માર્ગ તરફથી એક શંકાસ્પદ બોલેરો પીકઅપ વાન નં એમ.એચ ૦૪ એચ વાય ૯૪૪૧ પસાર થતા તેને વન કર્મીઓ એ રોકવાની કોશિશ કરતા પીક અપ વાન ચાલકે પૂર?પાટ ઝડપે હંકારી દેતા વનકર્મીઓએ બોલેરો પીક અપ વાનનો પીછો કરી અટકાવી હતી. બારખાંધિયા ગામ નજીક જંગલ વિસ્તાર ના માર્ગ પર થી ગેરકાયદેસર સાગી? લાકડા ભરેલા પીક અપ વાન સાથે એક આરોપીને ઝડપી પાડયો હતો. વાહનની તલાસી લેવામાં આવતા વાહનમાંથી સાગના લાકડા મળી આવ્યા હતા.

### થર્ટી ફર્સ્ટને લઈ દારુની હેરાફેરી પર પોલીસની બાજ નજર

# ધંધાસણ ગામે દારુનો જથ્થો પશુચારામાં સંતાડેલી હાલતમાં મળી આવ્યો

### અન્ય એક વાહનમાં દારુની હેરાફેરી કરતા એલસીબીની ટીમે ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી

। શામળાજી, તા.૩૦ ।

થર્ટી ફર્સ્ટને લઈ પોલીસે દારુની હેરફેર અને વેચાણને લઈ ધોંસ વધારી દીધી છે. અરવલ્લી જિલ્લો બોર્ડર એરિયા હોવાને લઈ દારુની હેરાફેરી મોટા પ્રમાણમાં થતી હોવાને લઈ પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનો પર બાજ નજર રાખવી શરુ કરી છે. ખાસ કરીને શામળાજી હાઈવે પર બાજ નજર દાખવવામાં આવી રહી છે. અરવલ્લી એલસીબીની ટીમ દ્વારા બે અલગ અલગ જગ્યાએ દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં એક દારુનો જથ્થો ઘાસચારાની આડમાં સંતાડેલો હાથ લાગ્યો છે. જ્યારે અન્ય એક વાહનમાં દારુની હેરાફેરી કરતા એલસીબીની ટીમે ઝડપી લઈને કાર્યવાહી કરી છે. સ્થાનિક એલસીબી ટીમને બાતમી મળવાને લઈ પીઆઈ કેડી ગોહિલ અને તેમની ટીમ દ્વારા બાતમી આધારે ભિલોડાના ધંધાસણ ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, યોગેશ ખેમજી કલાસવા પોતાના ઘરે વિદેશી દારુનો જથ્થો રાખીને વેચાણ કરે છે. જેને લઈ પોલીસે સ્થળ પર પહોંચીને તલાશી હાથ ધરી હતી.ડેમાં મકાઈના ઘાસની આડમાં સંતાડેલો દારુનો જથ્થો પોલીસની ટીમને હાથ લાગ્યો હતો. ઘરની દિવાલને અડકીને દારુનો જથ્થો ઘાસચારાની નીચે સંતાડ્યો હતો. જેમાંથી ૨૧૬ નંગ દારુની અલગ અલગ બાંડની બોટલો મળી આવી હતી. પોલીસે ૬૨,૬૪૦ રુપિયાની કિંમતનો દારુનો જથ્થો ઝડપી લઈને કાર્યવાહી કરી હતી. આરોપી યોગેશ કલાસવા એલસીબીના દરોડાને લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.પેટ્રોલિંગમાં હોવા દરમિયાન બાતમી મળી હતી કે, એક પીક અપ ડાલામાં દારુનો જથ્થો મોડાસા તરફ લઈ જવાઈ રહ્યો છે.




# ધોરાજીમાં ટ્રેનની ટક્કરથી ત્રણ દીપડાના મોત થયા

। અમદાવાદ, તા.૩૦ ।

એક તરફ છેલ્લા ઘણા દિવસથી રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાની દહેશત ફેલાયેલી છે. વનવિભાગ ઘણા દિવસથી દીપડાની શોધમાં છે. અનેક જગ્યાએ પાંજરા મુક્યા છતા દીપડો પકડાતો નથી. બીજી તરફ રાજકોટમાં જ ધોરાજી નજીક ટ્રેનની અડફેટે આવતા ત્રણ દીપડાના મોત થયા છે. જેને લઈને જીવદયા પ્રેમીઓમાં દુઃખ જોવા મળી રહ્યુ છે. રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ટ્રેન સાથે ત્રણ દીપડાની ટક્કર થઈ હતી. આ ત્રણેય દીપડા પોરબંદર-ભાવનગર ટ્રેન સાથે ટકરાયા હતા. ટ્રેનની અડફેટે આવતા આ ત્રણેય દીપડાના મોત થયા છે. આ ઘટનાની જાણ થતા જ ફોરેસ્ટ ઓફિસર સહિત રેલવે પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્રણેય દીપડાના મૃતદેહને પી.એમ અર્થે ખસેડવામાં આવ્યા છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨